પ્રકરણ : ૫ : મનુભાઈ પંચોળી 'દર્શક'ની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

૫:૧ ભૂમિકાઃ મનુભાઈ પંચોળી 'દર્શક'નો સમયસંદર્ભ

૫:૨ દર્શકની કેટલીક નવલકાથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ

-' બંધન અને મુકિત'

- 'પ્રેમ અને પૂજા'

- 'ઝેર તો પીધાં છે જાણી જાણી'- ભાગ ૧થી ૩

- 'દીપનિર્વાણ'

- 'કુરુક્ષેત્ર'

૫:૩ આ નવલકથાઓનાં મહત્ત્વનાં ઘટકોઃ

- ઈતિહાસ તત્ત્વની સમપર્કતા

- પ્રેમભાવના

- સંસ્કૃતિ સંદર્ભ

૫:૪ ભારતીયતાનાં તત્ત્વોઃ

- અનેકતામાં એકતા

- માનવતાવાદી વલણ,અદર્શનિરૂપણ

- સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

૫:૫ સમગ્રલક્ષી ચર્ચા- ભારતીયતાનાં પરિમાણો

પ્રકરણ-:૫: મનુભાઈ પંચોળી 'દર્શક'ની નવલકથામાં ભારતીયતાનાં પરિમાણો

૫:૧ : ભૂમિકાઃ મનુભાઇ પંચોળી 'દર્શક'નો સમયસંદર્ભ

ગુજરાતી નવલકથાના સ્વરૂપ વિકાસમાં ગોવર્ધનરામ, રમણલાલ દેસાઈ અને કનૈયાલાલ મુનશીનું યોગદાન કેટલું માતબર છે, તે આપણે જોયું. નવલકથા સ્વરૂપની સાથોસાથ ભારતીયતાનાં તત્ત્વો કેવી કેવી રીતે ગૂંથાયા છે અને ગુજરાતી નવલકથાના વિકાસમાં આ તત્ત્વો કેટલા સમપર્ક નીવડયા છે, તેણો આલેખ આપણને અગાઉના પ્રકરણો દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રાચીન પૂર્વે, તત્કાલીન-પ્રાચીન અને પશ્ચિમ એમ ત્રિવિધ સંસ્કૃતિના વિવિધ ઘટકોનું સમાલોચન મનીષી નવલકથાકાર ગોવર્ધનરામ એમની નવલકથામાં કરે છે. ગાંધીપ્રેરિતમૂલ્યો સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળ અને રાષ્ટ્રોદ્ધારની ભાવનાને ઉજાગર કરતી નવલકથાઓ દ્વારા રમણલાલે ગુજરાતી નવલકથાને એક ડગલું આગળ મૂકી આપી છે. સાંસ્કૃતિક મૂલ્યોનો વિમર્શ આ બન્ને નવલકથાકારોએ પોતાની રીતે કર્યો છે. ગુજરાતની અસ્મિતા, આર્યાવર્તની ઝંખના અને ભારત વર્ષની નવ્ય છબીને મૂર્તિમંત કરવાના ઉદ્દેશ સાથે મુનશી નવલકથા લેખન આદરે છે. પૂર્વ અને પશ્ચિમના વૈચારિકવલણોને એમણે પોતાની રીતે વિલોકયા છે. એ દ્વારા એમણે આપણી ગુજરાતી નવલકથાને એક મુકામ સુધી પહોંચાડી ભારતીય જીવનદ્રષ્ટિનો પુરસ્કાર તેમને પ્રણયભાવનામાં, માનવતાવાદી વલણો અને અસ્મિતાના વિવિધ અર્થસંકેતો પ્રગટાવીને, આ દિશા ચીંધી છે.

આમ,ગોર્વધનરામ, રમણલાલ અને મુનશીએ ગુજરાતી નવલકથાના વ્યાપને વિસ્તારી આપ્યો. મનુભાઈ પંચોળી 'દર્શક' નું નામ આ યાદીમાં નિઃસંકોચ મૂકી શકાય તેમ છે. તેમણે પણ નવલકથાને મનોરંજનનું માધ્યમ લેખ્યુ નથી. નવલકથા લેખન એમણે મન બહુ ગંભીર પ્રવૃતિ રહી છે.દર્શક નવલકથાકાર, નાટયકાર, વિવેચક, સંસ્કૃતિ અને ઈતિહાસનું ઊંડું પરિશીલન કરનાર ગાંધીવાદ, સમાજવાદના મીમાંસક, ચિંતક, ભારતીય સ્વાતંત્ર્યસેનાની ગાંધી અનુરાગી, ઉચ્ચકોટિના રાજશાસ્ત્રના જ્ઞાતા અને વિશ્વસાહિત્યના આસ્વાદક હતા. ટોલ્સટોય, રવીન્દ્રનાથ અને ગાંધીજીનો પ્રભાવ એમના જીવન અને એમની લેખિની પર વર્તાય છે. આવા મર્મજ્ઞ સાહિત્યકાર અને પરિશીલન કરનાર દર્શકની રાષ્ટ્રીય અસ્મિતા દેશકાળના સીમાડા પૂર્તિ સીમિત ન રહેતા વિશ્વની અસ્મિતા સુધી એનો તંતુ લંબાયો છે.

ગોવર્ધનરામ અને રવીન્દ્રનાથ ટાગોરનો જીવનધર્મી સર્જક તરીકનો સંદર્ભ તેમના સર્જનને સમગ્રરૂપે ઉઘાડી આપે છે. તેવું જ દર્શકનું પણ છે. એમણે કેવળ 'સર્જક' કહેવાથી તેમની ઓળખ અધૂરી રહે છે. તે પોતે જ કહે છે તેમ, **"એમના જીવનનો ત્રીસ ટકા અંશ સાહિત્ય સાથે સંકળાયેલો છે, બાકીનો સિત્તેર ટકા અંશ એ પ્રજાપુરૂષ છે. અર્થાત્ શબ્દની આગળ જઈને તેમની આગળ રહેલ વ્યાપક જીવન સાથે એ જોડાયેલા છે. તેમણે મતે એવા બહારના સિત્તેર ટકા વિનાનો લેખક જ ન હોય શકે. બીજી રીત કહીએ, તો આ સિત્તેર ટકાનું જીવન પેલા ત્રીસ ટકાનો મોટો, સ્ત્રોત બને છે. દર્શકના લેખનનું પગેરું તેથી જ પેલા સિત્તેર ટકા પાસેથી મળી આવે છે"**[૧]

આમ, એમણે પોતાના સર્જન બળને આ રીતે ચીધ્યું છે.

જીવનના મુખ્ય ઉદ્દેશ તરીકે આત્મોત્કર્ષની અને જગત સુખની દર્શકની ઝંખના રહી છે અને સાહિત્ય પ્રવૃત્તિને એ 'અતૃપ્ત ઝંખનાના કેફ' રૂપે ઉપાસે છે. "ડૂબતો માણસ વચમાં વચમાં માથું બહાર કાઢી ઘડીભર રમણીય વનશ્રીથી શોભતી સૃષ્ટિ જોઈ લે, તેવું મારું સાહિત્યિક સર્જનોનું થયું છે. પાંચથી પંદર દહાડાના કોઈક પરાણે મેળવેલા વિસામામાં મારા બધા લખાણો થયા છે. પુષ્પ સરસ્વતી પામ્યો છું. પૂજા તો અન્ય દેવતાની કરી છે."..."સાહિત્ય કેવળ આનંદની વસ્તુ નથી....જેમાંથી પ્રકાશને પ્રેરણ મળે તે સાચી કલા." - 'દર્શક'[૨] દર્શકની આ કળા વિચારણાને આધારે એટલું કહી શકાય કે દેખીતી રીતે ભલે સાહિત્ય લેખન એમને માટે ગૌણ હોય પરંતુ આપણે આગળ જોયું છે તેમ પેલા ત્રીસ ટકાને સંવર્ધન એ આ રીત થઈ શકે.

અગાઉના પ્રકરણોની જેમ અહી મેં દર્શકની કેટલીક નવલકથાઓ- જેમાં ભારતીયતાનાં પરિમાણો વધુ સમૃદ્ધ રીતે પ્રાપ્ત થાય છે. એને આધારે અહી મારો અભ્યાસ રજૂ કર્યો છે.

૫:૨: દર્શકની કેટલીક નવલકાથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ-

'બંધન અને મુકિત'

'બંધન અને મુકિત' નવલકથામાં ૧૮૫૭ નો મુકિતસંગ્રામ સાથે જોડાયેલા પ્રસંગો અને પાત્રોનું આલેખન છે અને બીજી બાજુ રાજશેખર અને સુભગા વચ્ચે પાંગરતી પ્રેમ કથાનું આલેખન છે. ૧૮૫૭ કાળખંડને તેઓ અહી જીવંત કરવા માગે છે એની પાછળનું કારણ ભારતીય પ્રજાના

હૃદયમાં રાષ્ટ્રીય ભકિત અને રાષ્ટ્રીય મુકિતની ભાવના જગવવાનું છે. સ્વાતંત્ર્યની ભાવનાના નમૂના રૂપે અહીં નરસિંગપુરની રિયાસત નિરૂપી છે. નરસિંગપુરના આ વિપ્લવના ધુરીણો બે હતા. તાત્યાસાહેબ અને રાજશેખર એ સંગ્રામમાં દેવકી અને સુભગા કેદ પકડાય છે ત્યારે એમના પ્રત્યે ડેનિયલ જનરલે ખૂબ ઔદાર્ય દાખવ્યું હતું. બીજા અંગ્રેજોએ કતલ થવાનો આગ્રહ રાખ્યો પણ એને થવા દીધો નહીં. રાજા શ્રીવર્ધન અંગ્રેજોની વધતી પરાધીનતા સ્વીકારતા રહે છે. તેઓ એસોઆરામી છે પણ એમનો ભાઈ અર્જુન અને મહારાણી દેવકી ગુરુદેવ વાસુદેવના શિષ્યો છે. ખૂન અને લૂંટફાટનો આરોપ આ વાસુદેવ અને અર્જુન પર મુકાય છે ત્યારે તેઓ પોતાની સંસ્કૃતિના વૈભવનો લોપ કેવી રીતે થવા દેવાય એમ દઢતાપૂર્વક જણાવે છે. આ વાસુદેવના એક કાનમાં વેદધ્વનિ ગાજે છે અને બીજા કાનમાં પોતાના દેશના કરોડો લોકોની વેદના અને નિરાશાની ચીસો અથડાય છે, ને એમની વિશ્વવ્યાપી ચીસમાં વેદધ્વનિ ડૂબી ગયો છે. એને જાગૃત કરવાની મથામણ છે. એ માટે પુનર્જાગૃતિ લાવવાનું તેઓ બીડું ઝડપે છે. સમાનતાના પાયા ઉપર ઊભેલા રાષ્ટ્ર પર અર્જુન પોતાનો ધર્મ માને છે અને એ ધર્મને સ્થાપવામાં તેઓ મહાસમાધિ પામે છે. જયારે અર્જુનને ફાંસી આપવામાં આવી ત્યારે એને પોતે જ પોતાના ગળામાં દોરો નાખીને જે દિશામાં વાસુદેવની ઓરડી હતી તે દિશામાં હાથ જોડી પાટયાને લાત મારી ખસેડી નાખ્યું હતું. આ વાસુદેવની માનવતાથી, વાસનાથી જનરલ ડેનિયલ પ્રભાવિત થાય છે અને આગળ ઉલ્લેખીયું તેમ તેઓ શત્રુપક્ષના ઘાયલોની સેવા કરે છે, એને એ પોતાનો માનવધર્મ માને છે. જયારે રાજશેખરના લશ્કરે ડેનિયલને પકડયા અને તેને સજા ન થાય એ માટે રાજશેખર ડેનિયલને પોતાનાં કપડાં પહેરાવીને મોકલી દે છે એના

માટે તાત્યાસાહેબ રાજશેખરને મૃત્યુદંડની સજા આપે છે. જેને મહારાણી દેવકી અનુમોદન આપે છે પરંતુ સોહનસિંહ, કરતાલસિંહના પ્રયત્નોથી એની સજા તો અટકે છે પરંતુ રાજશેખર માને છે કે ડેનિયલને છોડી મૂકવામાં એણે ભૂલ કરી નથી, બલ્કે કર્તવ્યનું પાલન કર્યુ છે, ને છેવટે સ્વેચ્છાએ મૃત્યુ સ્વીકારે છે, પરાધીન દેશમાં –બંધનમાં રહેવા છતાં શેખર આ રીતે આત્મિકમુકિતનો અનુભવ કરે છે અને આત્માની સ્વતંત્રતાને અનુસરે છે. એમ વાસુદેવ દ્વારા કૃતિના આરંભે મૂકવામાં આવેલા વિચારબીજનો કૃતિના અંત સુધીમાં વિકાસ થાય છે. જનરલ ડેનિયલની પુત્રી એમીલીને ડાકૂ રઘુવીર ઉપાડી જાય છે, ત્યારે શેખર એને છોડાવવા જાય છે. શેખર અને એમીલીનો સ્નેહ સંબંધ બંધાય છે. તો બીજી બાજુ રાજશેખર અને સુભગાનો મુગ્ધ છતાં ઊંડો પ્રેમ અહીં સમાંતરે આલેખાયો છે. લેખકે એમના પ્રણય સંવેદનોને બેટવાની ગુફાઓ અને એની પ્રકૃતિની પડેછે મૂકીને આસ્વાદ્ય વાતાવરણ મૂકયું છે.

આમ,અહીં વાસુદેવ, અર્જુન, રાજશેખર સ્વધર્મના પાલન માટે પોતાનું બલિદાન આપતાં અચકાતાં નથી. દેવકીએ અર્જુનને આપેલ વચન પછી બંદૂકથી પોતાની છાતી વીંધી નાંખી હતી.આમ આ નવલકથામાં કથાનક ઐતિહાસિક છે. પરંતુ એ ઐતિહાસિક ઘટનાની પાછળ રહેલી ફિલસૂફી અને સંસ્કૃતિને દર્શક સારી રીતે ઊપસાવી શકયા છે.

૫:૨: 'પ્રેમ અને પૂજા'

'પ્રેમ અને પૂજા' નું વસ્તુ આધુનિક રાજકારણમાંથી લેવામાં આવ્યું છે. સત્યાગ્રહ, અહિંસા, ગાંધીવાદ, સમાજવાદ દેશી ખટપટો એનાં મુખ્ય અંગો છે. નવલકથાનો નાયક નીલકંઠ અને અમાત્ય વીરેન્દ્રની ભકિત ગાંધીજીના સત્યાગ્રહના કાર્યમાં એકમેકને મળે છે. નીલકંઠ કુશળ શિબિર સંચાલક છે. એ પ્રભાવશીલ અને આદર્શોમાં માનનારો યુવક છે. આથી ભકિતને એને માટે પ્રેમ જાગે છે. પરંતુ નીલકંઠને લગ્ન બંધન લાગે છે આથી એની ઉપેક્ષા કરે છે. એને ગાંધીવાદના સિદ્ધાંતોને પચાવ્યા છે. રાજસત્તા સામે છાતી કાઢીને ઊભા રહીને પોતાને સ્વતંત્ર નાગરિક તરીકે ઓળખાવે છે. આ દિવાનના નાનાભાઈ આચાર્ય વસુબંધુનો વારસો મેળવવાની રુચિ ભકિતએ કેળવી છે. તેથી તે આ કાર્યમાં સક્રિયપણે જોડાય છે. આ દિવાન જે રાજયના દિવાન છે ત્યાં જે કાંઈ સુધારા થાય છે કે સમસ્યાનો ઉકેલ આવે છે તે આ દિવાનને આભારી છે. અંગ્રેજ સલ્તનત પણ એમને છેતરી શકતી નથી. એકવાર રાજયમાં જે અંધાધૂંધી ફેલાય છે તે અશાંતિ અને વેરઝેર શમે એ હેતુથી રાજા અને દિવાન આચાર્ય વસુબંધુ પાસે ગામડાંમાં જાય છે. વસુબંધુ કુદરતના સાન્નિધ્યમાં ગામડાંનો અભ્યાસ કરવામાં અને સુધારવામાં પોતાનો સમય વિતાવે છે. એ સિવાય કશું કરતાં નથી પરંતુ તેમનું પાત્ર પ્રભાવશીલ છે. કૃતિને અંતે અંત્યત ઘાયલ થયેલો નીલકંઠ ભકિતના પ્રેમ અને આચાર્યના તપના પ્રતાપે સાજો થતો હોય તેવું બતાવ્યું છે. જાણે કે, એ એનો નવો અવતાર છે. ભકિત સાથે પરણે છે અને કેટલીક રાજકીય, સામાજિક ખટપટનો ભોગ બને છે.

આમ, લેખકે દેશી રજવાડાની ભૌગોલિક સીમા સ્વીકારીને પોતાના જીવાતા જીવનની –વર્તમાનકાળનું આલેખન અહીં કર્યું છે.

૫:૨: 'દીપનિર્વાણ'

'દીપનિર્વાણ'નું વસ્તુ લેખકે પ્રાચીન ભારતનાં બ્રાહ્મણક અને માલવ ગણરાજયોના ઈતિહાસમાંથી લીધુ છે. આ ગણરાજયોનો નાશ પરદેશી આક્રમણને કારણે નહીં, સત્તા હાસલ કરવાની આંતરિક ખટપટોને કારણે થયો એમ તેમાં એમને દર્શાવ્યું છે. શૂરવીર આનંદ, શિલ્પી સુદત્ત અને લાવણ્યમયી સુચરિતા વચ્ચે અહીં પ્રણયત્રિકોણ રચાય છે. ચિકિત્સાશાસ્ત્રના અભ્યાસ નિમિત્તે માતામહી આત્રેયની આજ્ઞા મુજબ માલવગણના પાટનગર નંદિગ્રામમાં ભગવાન મહાકાશ્યપનાં આશ્રમે આવેલો આનંદ તેમની કન્યા સુચરિતાને જીવનસંગિની રૂપે પામવા અતિ ઉત્સુક છે. તેને નિરંતર ઝંખે છે. પણ તેને જયારે જાણ થાય છે કે સુકન્યા નંદિગ્રામના શ્રીમંત નગરશ્રેષ્ઠીના પુત્ર સુદત્તને આપેલા વચનનું પાલન કરવા બંધાયેલી છે ત્યારે અનિચ્છાએ પણ તેમના માર્ગમાં આડખીલી બનવાની પરિસ્થિતીને ટાળવા મથે છે. આનંદના સંપર્કમાં આવ્યા પછી, તેનાં અભિજાત વાણી વર્તન અને આચારવિચારથી અભિભૂત સુચરિતા તેના પ્રણય-પરિણય માટે તલસે છે. પણ આનંદ તેને પોતાના તરફ ખેંચવાની વૃત્તિ-પ્રવૃત્તિમાં રાચતો નથી. એથી ઊલટું નગરશિલ્પી સુદત્ત પોતાની શિલ્પકળાનો સુચરિતાને પ્રેયસી-પત્ની રૂપે પ્રાપ્ત કરવાના એક હાથવગા સાધન લેખે ઉપયોગ કરવામાં શકય તેટલા પ્રયાસો કરે છે. છેવટે શકપતિ મૈનેન્દ્ર શકિતનો કયાસ કાઢવા મોકલાયેલા આનંદને કપટથી દૂર કરવા મથતા સુદત્તથી બચવા માટે સુચરિતા સાધવી બને છે. સુદત્તે

ઈર્ષ્યાથી પ્રેરાયને મગધસેનાને માલવગણ પર હુમલો કરવા લઈ આવે છે. આનંદ તક્ષશિલાનાં ખંડેર સાચવતા ઋષિ ઐલના સાન્નિધ્યમાં ભારતના અપ્રતિમ વિદ્યાકાળના વારસાથી પ્રભાવિત થાય છે. ત્યાં જ આક્રમણ કરવા આવેલા મૈનેન્દ્રના હાથમાં આનંદ અને કૃષ્ણા પકડાય છે. કૃષ્ણાનો પ્રેમ મૈનેન્દ્રને આક્રમણ કરતો અટકાવે છે. ઉડુગ્રામ પર થતા મગધસેનના આક્રમણને મહાકાશ્યપ આભીરોની સહાયથી ખાળે છે, ને લવણદ્વીપમાં થાણું ઊભું કરે છે. બીજી તરફ પિતાના પ્રહારથી મૃત્યુ પામતો સુદત્ત મરણ પહેલાં પ્રાયશ્ચિત કરે છે. છેવટે આનંદ અગ્નિમિત્રને કેદ કરીને મગધસેનાને પાછી વાળી શકે છે અને લવણદ્વીપ પર મહાકાશ્યપનાં અસ્થિની સાક્ષીએ આનંદ અને સુચરિતાનો હસ્તમેળાપ થાય છે. આમ, 'દીપનિર્વાણ'માં ઈતિહાસ અને સંસ્કૃતિના સમન્વયનું નવલકથારૂપ પ્રાપ્ત થાય છે.

૫:૨: ' ઝેર તો પીધા જાણી જાણી '-ભાગ ૧થી૩

'ઝેર તો પીધા જાણી જાણી' એ 'દીપનિર્વાણ' ની જેમ દર્શકીય પ્રતિભાનો ઉન્મેષ ધરાવતી કૃતિ છે. આ નવલકથામાં સત્યકામ અને રોહિણી નાયક નાયિકા છે. તેઓ ગોપાળબાપાના માનસ સંતાન છે. બન્નેનાં વિવાહ નકકી થયાં છે. એટલામાં રોહિણીના વૈધવ્ય અંગે દામાકાકાની આગાહી સાંભળીને સત્યકામનું સુખી સંસારનું સ્વપ્ન રોળાય જાય છે. ત્યારબાદ સત્યકામ અદ્રશ્ય થયો. શીતળાના રોગમાંથી બચ્યો પણ તેના બચવાની ખબર રોહિણી સુધી પહોંચ નહી, અને એમ અકસ્માતની પરંપરાએ રોહિણી ભાંગી પડે છે. હેમંત સ્વસ્થ, સંયમી, સત્ય અને સુંદરનો ચાહક ચિંતનશીલ જુવાન છે. એને માટે રોહિણીએ સર્પદંશનું ઝેર

ચુસીને જીવંતદાન આપ્યું છે. એ હેમંતના પિતા રોહિણીને હતાશામાંથી બહાર લાવવા એની સારવાર અપાવે છે. એ દરમિયાન નિર્દોષ ડોસાને જેલ નિવાસ થયેલો હતો એની શ્રુષુશા કરતાં કરતાં હેમંત ક્ષયરોગનો ભોગ બને છે. એનાં આવા માનવ સેવાભાવી કાર્યોથી રોહિણીને એના માટે કરુણા અને સહાનુભૂતિ થાય છે. ધીરે ધીરે સંબંધ ગાઢ બને છે અને હેમંતની લાગણીનો વિચાર કરીને પોતાને બળી ગયેલા 'બી' તરીકે ઓળખાવીને રોહિણી તેની સાથે લગ્ન કરે છે અને બન્ને એક ગામડાંમાં જઈને વસે છે. બીજી બાજુ સત્યકામ અંધ બને છે. જીંદગીના અનેક ચઢાવઉતારથી કંટાળીને તે આપઘાત કરવા જાય છે. ત્યારે સત્યકામને ક્રાંતિકારી યુગલ અમલા અને પ્રસન્ન બચાવે છે. સત્યકામ જીવે છે. એ જાણ્યાં પછી હેમંત એક દિવસ ગામડાંમાં ધાડપાડુંઓનો સામનો કરવા જતાં મરાય છે. રોહિણીને બીજો આઘાત લાગે છે. તે હવે હેમંતના ભાઈ અચ્યુતની કેળવણીમાં ધ્યાન આપે છે અને એના સસરાનાં માનસપરિવર્તનમાં રસ લઈને જીવન વિતાવે છે.

અંધ સત્યકામ બૌદ્ધ ભિક્ષુ શાંતમતિનાં આશ્રયમાં રહીને શાતા પામે છે. અમલા અને શાંતમતિ તેને વધુ અભ્યાસ માટે યુરોપ મોકલે છે. ત્યાં બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળેલું છે. રેથેન્યુ અને ક્રિશ્ચાઈનના સંસર્ગથી તેની વેદના હવે વ્યાપક પરિમાણ ધારણ કરે છે. ભારતીય સંત પરંપરાએ તેનામાં સત્યને પ્રેમના સંસ્કાર સિંચેલા તેમાં બૌદ્ધ ધર્મના પરિશીલનથી મૈત્રી અને કરુણાનો ખાસ બેસે છે.યુરોપ ગયા પછી જર્મનોને યહૂદીઓ વચ્ચેનો સંઘર્ષ તેને ઉચ્ચ ક્ષમાશીલતાનો અનુભવ કરાવે છે. અમલાને બોઝ હિટલરવાદી કાર્લના હાથે રેથેન્યુની મિલકતને બચાવતાં શહીદ થાય છે.

આ બધી યાતનાઓના સાક્ષી બનેલ સત્યકામની સર્વ અંગત એષણાઓ ઓગળી જઈને મનુષ્ય જાતિ પ્રત્યેની કરુણાના સ્થાયીભાવ રૂપે આવે છે. નવલકથાના અંતે તેના નાયકના પુરુષાર્થનો એકમાત્ર વિષય સમગ્ર માનવસમુદાય માટેની શાન્તિની ખોજ રહે છે. 'ઝેર તો પીધાં છે.....' નો ત્રીજો ભાગ બીજા ભાગ પછી બે અઢી દાયકા બાદ પ્રગટ થાય છે. તેમાં યુદ્ધની ભીષણતા અને બુદ્ધના શાંતિમંત્ર વચ્ચેનો સંઘર્ષ છે. અહીં આગળ છેવટે રોહિણી અને સત્યકામનું ધર્મરસની ભૂમિકાએ મિલન થાય છે. તેવું સૂચન છે. પંડિત કેશવદાસે આફ્રિકાથી આવેલી પરિચારિકા હર્ષિને મર્સિ નામ આપ્યું હતું ત્યારેથી તે દયાની દેવી તરીકે સ્વજનોની વચ્ચે યુદ્ધને મોરચે છવાઈ જાય છે. મર્સિના મૃત્યુથી અચ્યુત વિહ્વળ બની જાય છે, અને તેના બે બાળકો સાથે રોહિણીના સાન્નિધ્યમાં આશ્વાસન પામીને રહે છે. આ નવલકથા, આમ વ્યાપક ફલક પર રચાઈ છે. ગોપાળબાપાથી શરૂ કરીને મર્સિ સુધીના મોટાભાગનાં પાત્રો જાણે કે વિશ્વનાગરિકતાના પ્રતિનિધિ ન હોય.

૫:૨: 'કુરુક્ષેત્ર'

'કુરુક્ષેત્ર' નવલકથામાં લેખકે મહાભારતના કુરુક્ષેત્રની ઘટનાને પોતાની નવલકથાનો વિષય બનાવ્યો છે. આરંભમાં સૂત્રધાર વર્તમાનના બિંદુએ ઊભા રહીને 'કુરુક્ષેત્ર'ના કુરુક્ષેત્રની સીમાને સંહારીને કથાનો આરંભ થયો છે. ધૌમ્યમુનિના આશ્રમમાં કથાનો આરંભ થાય છે. ગિરિજનોના સંતાનોને શિક્ષણ-સંસ્કાર આપવાનું કાર્ય ધૌમ્ય મુનિ આદરે છે. તેઓ અનાર્ય જાતિને સંસ્કારવાની સાથે આર્ય-અનાર્યના સંમીલન માટે ઉદ્યુકત થયા છે. એમના આ પ્રયોગમાં એમની પોતાની કસોટી થાય છે.

એમની પુત્રી તપતી અને નાગયુવક તક્ષકના લગ્ન માટે સંમતિ આપવાનો પ્રસંગ જયારે એમની સામે ઉપસ્થિત થાય છે ત્યારે મુનિની બીજી પુત્રી માધવી અને અનાર્ય યુવક સુભદ્રનાં લગ્નની ઘટના પણ અહીં બને છે. એક પુત્રીના લગ્નની ઘટનાથી કથાનો આરંભ થાય છે અને બીજી પુત્રની ઘટનાથી કુરુક્ષેત્ર પૂરું થાય છે. આ બે અંશોની વચ્ચે નવલકથામાં મુનિ પત્ની સુવર્ણાનું માધવી-સુભદ્રનાં લગ્નનું સૂચન, મુનિનું મંથન, તક્ષકની માતા ચિંતામણિનો ભાવનામય આક્રોશ, તપતીની દેઢતા, તક્ષકનો સ્વમાનભર્યો પ્રતિકાર જેવા અનેક સ્થાનકો ઉપકથાનકોની ગૂંથણી આ નવલકથામાં કરવામાં આવી છે. આર્ય અનાર્યના સંમીલનનો પ્રયોગ એ આ કૃતિનું ધારક બળ બને છે. તપતી-તક્ષકનો પ્રેમ અને મહાયુદ્ધનો અનુભવ મૂકીને છેવાડે રહેલાને માનવતાની ઉપાસનાના કેન્દ્રમાં લાવવાનો ઉપક્રમ આ નવલકથામાં રહ્યો છે.

ખાસ તો, લેખકે મહાભારતનું કથાનક પસંદ કર્યું છે. એ મહાભારતના યુદ્ધની કથા સંજય વળે કહેવાઈ છે. જયારે આ નવલકથાનાં વસ્તુની રજૂઆત મહદ્‌અંશે તપતીના દ્વારા થઈ છે. પૌરાણિક કથાઘટકને આજના યુગ સંદર્ભે નવા અર્થઘટન સાથે રજૂ કરવાનું લેખકનો ઉદ્દેશ જોવા મળે છે.

દર્શકની કેટલીક નવલકથાઓનાં કથાનકને અહીં આપણે સંક્ષેપમાં જોયા. હવે આ નવલકથાઓમાં ભારતીયતાનો બોધ કરાવનારા મહત્વના તત્ત્વો વિશે વાત કરીશું. અહીં અભ્યાસમાં લીધેલ નવલકથાઓની પૃષ્ઠ ભૂમિમાં આપણો ઈતિહાસ અને આપણી પૌરાણિક પરંપરાઓ સવિશેષ છે. તે અહીં નોંધવું જોઈએ. પેલો સિત્તેર ટકા અંશ ધીમે ધીમે ઝમતો રહી

સર્જકને સીમિત વર્તુળમાંથી બહાર લાવી દેશ અને દેશપારની સરહદો સુધી કેવી રીતે લઈ જાય છે. તે જોવું રસપ્રદ બને છે.

૫:૩: આ નવલકથાઓનાં મહત્ત્વનાં ઘટકો:ઈતિહાસતત્ત્વની સંપર્કતા:

ગુજરાતી ભાષા સાહિત્યમાં ૧૮૫૭ના કાળખંડને આલેખતી કૃતિઓમાંની એક 'બંધન અને મુકિત' છે. અહી ઐતિહાસિક પાત્ર તરીકે માત્ર તાત્યા ટોપેનું એક જ પાત્ર છે અને તે પણ ગૌણપાત્ર તરીકે જ બાકીના પાત્રો અને પ્રસંગો કાલ્પનિક છે. આથી ઈતિહાસ તત્ત્વની સંપર્કતા અને સર્જકતા દ્વારા એ કાળખંડ સજીવ બન્યો છે. કંપની સરકારના અન્યાયોની સામે કાયદા પૂર્વકની લડાઈના અને અરજોના વ્યર્થ નીવડેલા પ્રમાણોની ઘટનાની ભારતીય હૃદયોમાં રાષ્ટ્રીય મુકિતનીં ભાવના સળવળી ઊઠી હતી. ૧૮૫૭નો બળવો એ રીતે સ્વાતંત્ર્ય યુદ્ધ જ હતું. **"આ ફિરંગીરાજન જોઈએ...આ છાતી પર પરદેશીનો પગ ન જોઈએ."**[૩] એવી સ્વાતંત્ર્ય માટેની સાદી સીધી સમજ લઈને કંપની સરકારની પરાધીનતામાંથી દેશને મુકત કરાવવા નવલકથાનાં પાત્રો નાનાં-મોટાં યુદ્ધો આદરે છે. આ વિપ્લવના આર્ષદષ્ટા ગુરુ વાસુદેવ અને એનો શિષ્ય અર્જુન ત્રણ વર્ષ સુધી કંપની સરકારનો સામનો કરીને ભારતીય પ્રજાના હૃદયમાં મુકિતની ભાવનાનો સંચાર કરનાર અને અંતે સ્વસ્થતાથી મૃત્યુદંડની સજાને સ્વીકારી લેતા આ પાત્રો મુકિતસંગ્રામના ઉદ્ભાવકો છે એની સમાંતરે નરસિંગપુરની મહારાણી દેવકી, એનો પુત્ર રાજશેખર, વાસુદેવની પાલક

પુત્રી સુભગા, તાત્યા ટોપે, વર્ષોથી કંપની સરકારમાં નોકરી કરતાં શીખ અફસર સોહનસિંહ, સોહનસિંહના પુત્ર કરતાલસિંહ અને અર્દલી રશમાન જેવા પાત્રો આ મુકિતસંગ્રામમાં સ્વેચ્છાએ સક્રિયપણે જોડાયા છે. લેખકે આ પાત્રો અને એની પ્રવૃત્તિઓ વડે ઈતિહાસનાએ સમયખંડને સજીવ કર્યો છે. સ્થૂળ ઈતિહાસ નીચે રહેતા બુહદ્ ઈતિહાસના દર્શન તેમને આ નવલકથા દ્વારા કરાવ્યું છે. આ વાસુદેવે ત્રણ વર્ષ સુધી દેશમાં ભ્રમણ કર્યુ. અને નેપાળના મહામંત્રી, મહારાષ્ટ્રના રંગોબાપજી, શીખ મહારાણી ઝીંદલ, તાત્યા ટોપે, મહારાણી લક્ષ્મીબાઈ રાજનીતિપટુ જંગબહાદુર જેવા સ્વાતંત્ર્ય માટે પ્રતિબદ્ધ યોદ્ધાઓને માર્ગદર્શન આપી એમને સ્વાધીનતાનો મંત્ર સમજાવે છે. આ મંત્રથી જ સૂતેલી પ્રજા જાગે છે અને મુકિત માટે યુદ્ધે ચડે છે. કંપની સરકારને એના અફસર ડેનિયલને વાસુદેવ સાત સાત વખત પરાજિત કરે છે. તે પણ નિઃશસ્ત્ર બની ને આથી છેવટે જયારે તે ગિરફતાર થાય છે. જનરલ ડેનિયલ સાથે દીર્ઘ વાર્તાલાપમાં એમની રાષ્ટ્રોત્કર્ષ અને સ્વાધિનતા માટેની ઝંખના વ્યકત થાય છે. વાસુદેવને સમાનતાના પાયા ઉપર ઊભેલો રાષ્ટ્રધર્મ અભિપ્રેત હતો. આ ભાવનાનો તંતુ એમની પાલક પુત્રી સુભગા અને એમના શિષ્ય અર્જુનના કાર્યો અને ક્રિયાઓ દ્વારા આગળ વધે છે. અર્જુનની શહાદતથી મહારાણી દેવકીનું હૃદય પરિવર્તન થાય છે અને તેનામાં રાષ્ટ્રભકિત જાગે છે. સોહનસિંહની અંગ્રેજો પ્રત્યેની નિષ્ઠાના સંદર્ભમાં દેવકી તેને સમજાવતા કહે છે કે **"આ અનાજ અંગ્રેજોએ પેદા કર્યુ નથી, વરસાદ અંગ્રેજો વરસાવતા નથી, આ શરીર કંપનીસરકારે આપ્યું નથી, શરીરનું પોષણ કરનાર. આ જમીન કંપની સરકારે બનાવી નથી તો પછી તેનું લુણ ખાઈએ છીએ એવા ભાવ અનુભવવો ઉચિત નથી."**[૪] દેવકીની આવી દેશવત્સલ, હૃદયસ્પર્શી રજૂઆત સોજનસિંહના

હૃદયમાં દેશ વત્સલતા જન્માવે છે. એમાંય અંગ્રેજ અધિકારી દ્વારા એનું અપમાન થાય છે ત્યારે સોહનસિંહ પરાધીનતાનો ભાવ અનુભવે છે ત્યારે તેની સ્વદેશભકિત વધારે દઢ બને છે. દેવકી અને સોહનસિંહના પાત્રો કલ્પિત છે પણ તે એ યુગના વાતાવરણને અનુકૂળ નીવડયા છે. રાજશેખરે આ વિપ્લવકારોની સામે નારાયણી સેના ઊભી કરી છે. આ નારાયણી સેનામાં સોહનસિંહનું સક્રિય યોગદાન છે.

મેળા, તીર્થક્ષેત્રો, છાવણીઓ, ઉત્સવો, સમારંભો, યજ્ઞો, અખાળાઓ, વિદ્યાધામો આમ, સર્વત્ર મુકિતસંગ્રામ નો પરિવેશ જામ્યો છે. સૌ એક થયા છે. આ વિપ્લવ દરમિયાન જયા જરૂર પડી છે ત્યાં આ સેનાનીઓએ ફિરંગીઓ પ્રત્યે માનવતા દાખવી છે. એમનો ઉદ્દેશ ફિરંગીઓને કાઢવાનો છે. એનાથી બૂરું શાસન શરૂ કરવાનો નથી. ટૂંકમાં કહી શકાય કે આ નવલકથામાં ઈતિહાસતત્ત્વ છે પણ કલ્પિકતાને બળે એ ઈતિહાસતત્ત્વની સંપર્કતા વધુ સ્ફુરણીય લાગે છે.

'પ્રેમ અને પૂજા'માં ૧૯૩૦ના સત્યાગ્રહ પછીની દેશની પરિસ્થિતીનો ચિતાર છે. અહીં ઈતિહાસનું આલંબન છે પરંતુ એની સાથે એમણે પોતાના વર્તમાનકાળના એક ઘટકને પ્રયોજયો છે. ગઈ સદીનાં ત્રીજા-ચોથા દાયકાના રાજકીયને બદલે સામાજિક-ઈતિહાસનું પ્રતિનિધિત્વ કરતાં પાત્ર છે. ગાંધીયુગથી પ્રભાવિત સમાજનું ચિત્ર પ્રાપ્ત થાય છે.

દર્શકે ભારતીય ગણરાજયો વિશે સાંભળ્યું હતું.એમનું સુરાષ્ટ્ર પણ એક ગણરાજય હતુ. ભારતના ગણરાજયો અને ગ્રીસ પ્રજાસત્તા વચ્ચે એમણે અદ્‌ભૂત સામ્ય જોયું છે. એક ફેર હતો જે લેખકે ટાગોરના શબ્દમાં

નોંધ્યું છે, **"ગ્રીક સંસ્કૃતિ ઈંટ ચૂનાના પારણામાં ઉછરી હતી જયારે આપણી સંસ્કૃતિ વનવૃક્ષોની છાયામાં."**[૫] આમ એમને 'દીપનિર્માણ'માં બે ગણરાજયો પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. 'બ્રાહ્મણક' અને 'માલવ' કૃતિ આગળ વધે છે અને માલવગણ કેન્દ્રમાં આવતું જાય છે અને કૃતિનો અંત નવા મેળવાયેલા લવણદ્વીપમાં રચાય છે અને દરમિયાન એમને દર્શાવ્યું છે કે, પરદેશી આક્રમણને લીધે નહીં આંતરિક સત્તાને લીધે ગણરાજયોની ઉત્તમ રાજ વ્યવસ્થા આપણે ગુમાવી એનો અફસોસ વ્યકત કરવાને બદલે એમને "નિર્વાણ" શબ્દ આપ્યો. અર્થાત્ મુકિત મૃત્યુ નહિ-નાશ નહિ આ નિર્વાણની કથા છે મૃત્યુની નથી. એક યુગ ખતમ નથી થતો બીજા યુગમાં પરિણમે છે. લેખકે અહીં ઈતિહાસનું તત્ત્વ કથાબીજ રૂપે સ્વીકાર્યુ છે. પણ ત્યાં અટકી ન જતાં એને પોતાના યુગને ઉપકારક એવાં દર્શન સુધી એનો વ્યાપ તેઓ આલેખી શકયા છે. ઐતિહાસિક, રાજકીય કે ભૌગોલિક સીમામાં બંધાય રહેવાને બદલે ભૂતકાળ અને વર્તમાનકાળ ની સન્નિધિયોજીને એનો સાંસ્કૃતિક સંદર્ભ ઘૂંટયો છે. એમ કહી શકાય કે, 'દીપનિર્વાણ'માં ઐતિહાસિક ઘટના કે સાંસ્કૃતિક ઘટકોના સંદર્ભે જોવાને બદલે સમગ્ર ભારતીય નવલકથાના સંદર્ભે જોઈ શકાય તેવું તેનું ગજું છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી' માં સૌરાષ્ટ્ર કેન્દ્રબિંદુ છે. અહીથી વલય રચાય છે અને પ્રથમ વિશ્વયુદ્ધ ની ભૂમિ યુરોપ સુધી વિસ્તરી પુનઃ સૌરાષ્ટ્ર સુધી આવે છે. આ વખતે એની ઉંચાઈ વધી છે. કાળની દષ્ટિએ આ વલય ૨૦મી સદીના પૂર્વાર્ધ ને રોકે છે. આ સમયગાળાનો જીવંત મહાનાયક ગાંધી છે અને એ જ સમયે કથાનો પ્રથમ તરંગ ઉદ્ભવ્યો અને બે બે વિશ્વયુદ્ધ નો કાળખંડ એમાં સમાયો અને સ્વાતંત્ર્યોદયનાં ઉલ્લાસમાં

તે વિરામે છે. રેથેન્યુનાં વિચારમાં, બલિદાનમાં એની માતાના હત્યારાને માફી આપવાના કામમાં આ ગાંધીભાવનાનો પડઘો સંભળાય છે. દર્શકે ભારતીય ઇતિહાસના એક મહત્વના અંશને સહેજ જુદી રીતે પ્રયોજયો છે. સત્યકામ સૌરાષ્ટ્રની બહાર જાય છે. તેને ક્રાંતિકારીઓ મળે છે. આ ક્રાંતિકારીઓને બદલે એક બૌદ્ધ સાધુના હાથે સત્યકામ જે પ્રવાહ પતિત થયો હતો તે ઉગ્રે છે. બૌદ્ધધર્મ, એની કરુણા એ દર્શકની પ્રિય ભાવના છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં આદિથી અંત સુધી આવતું શાંતમતિનું પાત્ર એની પ્રતીતિ કરાવે છે. સ્થૂળ અને સૂક્ષ્મ હિંસાથી ઉપર ઊઠીને **"દર્શકના દર્શનનો આ સાર છે : સ્થૂળ અને સૂક્ષ્મ હિંસાથી ઉપર ઊઠીને, માણસથી માણસ તરીકેની અસલ ધર્મભાવનાને ધારણ કરીને, પશુપંખી વૃક્ષો સાથેની પૂર્ણ આત્મીયતા સાથે જે શ્વાસ લે છે તે જ જીવનની પ્યાલીનો સાચો સ્વાદ પામી શકે છે !"**[૬]

આમ, દર્શકનો યુદ્ધધર્મ પણ બૌદ્ધધર્મ છે કરુણાધર્મ છે અને એમ દર્શકમાં સર્વધર્મસમવાય ગાંધીવાદ રૂપે પ્રગટ થયો છે. જે આજના ભારતના સંદર્ભે વધુ પ્રસ્તુત છે.

'કુરુક્ષેત્ર' માં દર્શકે શ્રીકૃષ્ણને રક્ષણ કરનાર પરમાત્મા તરીકે અને પ્રેરણા આપનાર લોકનાયક તરીકે દર્શાવ્યા છે. 'દીપનિર્વાણ' અને 'ઝેર તો પીધા છે જાણી જાણી' માં કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર હતું. આથી આ કુરુક્ષેત્રમાં કૃષ્ણનું દર્શન કરાવ્યું છે. કથાના પૂર્વાર્ધમાં ધૌમ્યઋષિનો આશ્રમ છે અને ઉત્તરાર્ધમાં યુદ્ધના કારણો, યુદ્ધવર્ણન અને એનું પરિણામ છે. એ માટે એમને પોતાના કથાનકને ત્રણ ધારામાં વિનિયોજયું છે એક તપતી અને તક્ષક પ્રણયવૃતાંત, બીજી આર્યજાતિ અને અનાર્યજાતિ વચ્ચેનો

સંઘેર્ષ, ત્રીજું યુદ્ધમાં સંચાલન અને નિયામક તરીકે ભાગ ભજવતા કૃષ્ણવાળા 'કુરુક્ષેત્ર'નું વૃત્તાંત આમ, એમને પૌરાણિક, રાજકીય તત્ત્વયુકત કથાનકને ગૂંથયું છે. પરંતુ અન્ય નવલકથાઓની જેમ અહી એનું અર્થઘટન આજના સમય સંદર્ભે કર્યું છે. આપણા દેશની વર્તમાન પરિસ્થિતીમાં જે સમસ્યાઓ ઊભી થઈ છે. એનું અર્થઘટન તેઓ પૌરાણિક, રાજકીય કથાનકની પૃષ્ઠભૂના સંદર્ભે કરવા માંગતા હોય તેવું ફલિત થાય છે.

૫:૩: પ્રેમભાવના

દર્શકની આ નવલકથાઓમાં સ્ત્રી-પુરુષપ્રેમ, મનુષ્યપ્રેમના ઉદાત્ત રૂપો પ્રગટયા છે.પ્રેમ, કરુણા અને ઉદાત્ત માનવભાવોનું આલેખન તેઓ કેવી કુશળતાથી કરી શકે છે તે જોઈએ. વાસુદેવની પાલક પુત્રી સુભગા અને રાજશેખરનાં મુગ્ધ પ્રેમનું નિરૂપણ એમને 'બંધન અને મુકિત' માં કર્યું છે અને માટે એમને કેટલાક દશ્યા રચ્યાં છે. શેખરનાં બંસીવાદનમાં સુભગાને પોતાના જન્મ-જન્માન્તરની પ્રતીતિ થાય છે એની સૂક્ષ્મ મનઃસ્થિતિઓનું વર્ણન અહી પ્રાપ્ત થાય છે. દર્શકે વાસુદેવ અને ડેનિયલ જેવા બે યોદ્ધાઓની સૃષ્ટિની વચ્ચે શેખર અને સુભગાનાં તોફાનો અને સાહસોને રોમાંચક રૂપ આપ્યું છે. દેશ ખાતર જીવનને ન્યોછાવર કરનાર શેખર પાસે સુભગાનું ઉદાત્ત પ્રેમબળ છે. અને બન્ને પાસે ભવ્યોદાત્ત વાસુદેવના ચરિત્રોનો વારસો છે. આ પ્રણયધર્મની પડેછે. માનવધર્મને પણ મૂકયો છે. જનરલ ઓફિસર ડેનિયલ શત્રુપક્ષના સેનાની હોવા છતાં એ દેવકી અને સુભગાને બચાવવામાં મદદ કરે છે. એ જ રીતે કથાના આરંભે રાજશેખર જનરલ ડેનિયલની અપઋુત પુત્રી એમીલીને બળવાખોર હિંદુઓનાં હાથમાંથી છોડાવે છે. આ એમીલીના સમજદારી ભર્યા પ્રેમનું

ઊંડાણ અનુભવે છે. 'બંધન અને મુકિત'માં શેખર સુભગાના ઉત્તરોઉત્તર ગંભીર બનતા જતાં પ્રેમને પડછે શેખર-એમીલીનું સમજ ભર્યો અનપેક્ષ સ્નેહ માનવીય સંબંધનું બીજું ઊજળું પરિમાણ સૂચવે છે. શેખર અને ડેનિયલ જેવા પાત્રો વ્યાપક માનવધર્મની પ્રતિષ્ઠા કરે છે. તો મુકિતસંગ્રામની આ કથાઘટકની સાથે શેખર-સુભગાનો મુગ્ધ પ્રણયતંતુઓ એનું જીવનસત્ત્વ આપણને આકર્ષે છે. સ્ત્રી-પુરુષપ્રેમ વ્યાપક માનવપ્રેમની સીમાઓને એ રીતે આંબે છે.

'પ્રેમ અને પૂજા' માં શ્રી દેસાઈની પુત્રી ભકિતએ પિતાનો નહી પણ તેના કાકા આચાર્ય વસુબંધુનો વારસો મેળવવાની રુચિ કેળવી છે. નીલકંઠને ભકિતનો પરિચય ૧૯૩૦માં કેરળા સત્યાગ્રહ છાવણીમાં થયો હતો. નીલકંડ ભકિતના પ્રભાવક અવાજથી, તેના તરફ આકર્ષાય છે. અવળ શીવાલયમાં કેટલાંક વખતથી નિઃશબ્દ પડેલી વર્ષો પહેલા જયારે ટોકરી વગાડેલી ત્યારે વાતાવરણ આવા જ ઝણકારથી ડોલી ઊઠેલું એવો સ્પંદ નીલકંઠના હૃદયમાં જાગે છે. બીજી બાજુ ભકિત પ્રથમ નજરે જ નીલકંઠની શકિત અને નિષ્ઠા ને ઓળખે છે. ભકિત શિબિરના નિષ્ઠુર નિયમો પાળી શકતી નથી ત્યારે શિબિર અધિકારી તરીકે ભકિતને રજા આપી દે છે. પણ ભકિત એમ થવાથી એમનો સંબંધ વધારે દઢ થાય છે. ભકિત પોતાની પસંદગી સૂચવી દે છે. નીલકંઠ મૌન પાડે છે અથવા એકલા રહેવાનું કહે છે એને મન પ્રેમ કરતાં પણ દેશની ગરીબી અને પરાધીનતાઓ વધારે ગંભીર છે. એ સમસ્યાઓ સામે બાથ ભીડતાં ભીડતાં દેશના ખૂણે ખાચરે ભ્રમણ કરતાં તે લગભગ બીમાર થઈને પાછો આવે છે ત્યારે ભકિતનો અનઘળ પ્રેમ અને સેવાથી એ છટકી શકે તેમ ન હતો.

ભકિતના સ્વભાવમાં અધીરતા અને ચાતુરીતા હતી જયારે નીલકંઠનું વ્યકિતત્વ દઢતાયુકત ખરું પણ પ્રમાણમાં એ વધુ ઉદાસીન રહે છે. નીલકંઠ પોતે અકળાય પણ ભકિતતો એની તુલના વધુ પ્રસન્ન મધુર દેખાય. આ ભિન્ન વ્યકિતત્વો વચ્ચે પાંગરતા પ્રેમને લેખકે પ્રકૃતિના બૃહદ્ રૂપોના પડછે વિકસાવ્યો છે. દેશી રજવાડાની ભૌગોલિક ભૂમિએ રાષ્ટ્રસીમ અને એ સમયની રાષ્ટ્રજાગૃતિ અને મૂલ્યોની ખીલવીની વચ્ચે દર્શકે પ્રેમ અને સહિષ્ણુતા મનોભાવો વ્યકત કર્યા છે.

'દીપનિર્વાણ' માં લેખકે બ્રાહ્મણક અને માલવ બે ગણરાજયો પર ધ્યાન કેન્દ્રિત કરીને આનંદ, સુચરિતા, અને સુદત્ત ના પ્રણયત્રિકોણ દ્વારા કથાનો પૂર્વાર્ધ રચ્યો છે. સુદત્ત મહાશિલ્પી છે. પોતાની કળા વડે સુચરિતાને જીતવા માગે છે. એ લગ્નનું વચન મેળવે છે એવી ક્ષણે કે, જયારે સુચરિતાનો અંતઃકરણ આનંદને ઝંખે છે. સુચરિતા અને આનંદ જયારે પ્રથમવાર મળે છે. ત્યારે સુચરિતાના સૌંદર્યથી અભિભૂત થયેલો આનંદ એનું સૌંદર્ય જાઈ રહેવા કરતાં અને કરેલા વીણાવાદનનાં સૂરોમાં નિમગ્ન થવા માંગે છે. લેખકે અભિભાવ પરિસ્થિતી અને એમાં જાગેલા સુકુમાર ભાવ-પ્રતિભાવને, એના સૂક્ષ્મ મનોભાવોના પ્રેમને અદ્ભૂત રીતે નિપજાવ્યું છે. એક દીર્ઘ બાહુ પ્રિયદર્શી ગંભીરમુખ યુવક મોં પર પર્વતની દઢતાને આકાશગામી પુરુષાર્થ, આંખમાં સાગરનું ગાંભીર્ય અને સ્વાસ્થ્ય અને શકિતએ જન્માવેલ આત્મવિશ્વાસ- આ છે સુચરિતાનું પ્રથમ આનંદ દર્શન. આમ, આનંદ ભવ્ય છે સુદત્ત સુંદર. સુચરિતા આનંદને સુદત્ત સાથે સરખાવે છે ત્યારે સુદત્તને આપેલા વાગ્દાન માટે એ પસ્તાય છે. આ કસમકસને અંતે સુચરિતા અલૌકિક કક્ષાના ક્ષુદ્ર સ્વામી સુદત્તને

સ્વીકારવાને બદલે એમાંથી બચવા ધર્મનો આશરો લે છે. મહાકાશ્યપ જ પુત્રીને સંન્યાસી થઈ જવાની સલાહ આપે છે. ધર્મને શરણે ગયેલી સુચરિતા યુદ્ધ તરફ ઉદાસીન રહી શકતી નથી. ઉડુગ્રામમાં સુદત્તે રચેલી શિલ્પ સ્થાપત્યની અલૌકિક સૃષ્ટિ એની જ અહંકારી ભૂલથી નાશ પામતી બતાવી છે. સુદત્તના વર્તનમાં સુચરિતા પોતાને દોષી માને છે, અને તેથી એને મળવા જાય છે પણ તે પહોંચે તે પહેલા સુદત્તને પ્રાયશ્ચિતનો અનુભવ થઈ ચૂકયો છે. છુપાવેશમાં રહેલા આનંદને ઓળખવા છતાં એને એની હોળીને જવા દીધી છે. આ પ્રણય સબંધનું આવા વિલક્ષણરૂપની પરાકાષ્ઠા જુઓ. મૃત્યુની ક્ષણોમાં સાધ્વી સુચરિતાની સારવાર પામે છે તેના ક્ષણીપાત દ્વારા એના જીવનની છેલ્લી ક્ષણને ઉદ્‌ગાર એના પ્રાયશ્ચિતની તીવ્રતા વ્યકત કરે છે. સુચરિતાને સજલ નેત્રે રાત આખી અસંબદ્ધ છતાં સંબદ્ધ સંવાદ સાંભળ્યાં કર્યો. સવારમાં સુદત્તને જરાક નિંદ્રા આવી ગઈ એટલે એ સ્નાન માટે ગઈ આવીને જુએ તો સુદત્તે ઓડણ ફગાવી દીધું હતું. સુદત્તનો પ્રાણ ઊડી ગયો હતો હાથમાં જુએ તો સંથાગારની એ પ્રતિમાનો અંગૂઠો હતો અને અંતે લવણદ્વીપ ઉપર મહાકાશ્પય ની અસ્થિની હાજરીમાં કથાનાં તમામ મુખ્ય પાત્રાની હાજરીમાં આનંદ અને સુચરિતાના હાથ મળે છે. અહી આનંદ-સુચરિતા અને સુદત્તના પ્રણયત્રિકોણને આ રીતે નિરૂપ્યો છે. બીજી બાજુ મહાકાશ્યપ જેવા વિરાટ વ્યકિતત્વ અને એનાં ઉદાત્ત કાર્યો નોંધ લેવા પડે તેવા છે. સમગ્ર નવલકથામાં મહાપ્રાણ અસ્તિત્વના બળે કાશ્યપ ભાવકને જકડી રાખે છે. એકેએક પ્રસંગ અને પરિસ્થિતી દ્વારા એમના જીવન સત્વો વડે માનવસંબંધની ઉદાત્ત કથાઓ અહી આકાર પામી છે. આ મનુષ્ય પ્રેમ

અને માનવ સંબંધોની કથા ઈતિહાસતત્ત્વોને કળાત્મક રૂપાંતર કરીને એની સાંસ્કૃતિક મૂલ્યવત્તા દઢાવે છે.

દર્શકનો સ્વધ્યાય એમ માને છે કે, "પ્રેમ અને કરુણા પર્વતો જેટલાં જ પ્રાચીન છે."[૭] આ ગૃહીત એમની 'ઝેર તો પીધા છે જાણી જાણી' માં પાંગર્યું. માણસ યુદ્ધ કરે છે પણ એ યુદ્ધો માટે નથી જન્મ્યો પ્રેમ માટે જન્મયો છે. 'ઝેર તો પીધા છે જાણી જાણી'ના પ્રથમ ખંડમાં મુગ્ધ પ્રેમનું હૃદ્ય આલેખન છે ત્યાં પણ દર્શકનાં પાત્રો સીમામાં બંધાતાં નથી. સત્યકામને મુનીમ અને પોતાને શેઠ તરીકે સ્થાપીને રોહિણી ઉમેરે છે : "બાપા આપણા માટે ઘરા ઉપરનું પેલું મકાન છે તે સરખું કરાવવાનાં છે. તમને ખબર છે- એની ઓસરીમાં બોરસલીની ડાળી આવે છે, ને ફૂલ એની જાતે ખરે છે. ! " એક-બે ઉદ્‌ગાર પછી સત્યકામ કહે છે : આ બ્રહ્માંડમાં આપણે તો સાવ રજકણ જેવાં છીએ, પણ ઈશ્વરે આપણા મનમાં બ્રહ્માંડમાંય ન માય એટલું સુખ કેમ કરીને ગોઠવી દીધું હશે !"

પણ સુખની કસોટીની તો આ કથા છે. કેટકેટલી યાતાનાઓમાંથી મુખ્ય પાત્રોએ પસાર થવાનું આવે છે ? ભોળા ભાવે નહી, જાણી જોઈને. આ બૃહદ્ કથામાં પત્રશૈલીનો કુશળ વિનિયોગ થયો છે. સત્યકામ લખે છે : "હું ને તું એવા પુરુષનાં સંતાન છીએ કે જેને જીવન અને મૃત્યુ બંનેએ વંદના કરી છે."[૮] અને તેથી વિષમ પરિસ્થિતિમાં પણ એ રોહિણીને આશ્વાસન આપી શકે છેઃ 'હામ તો છે કે પાછો એક દિવસ આવીશ : ' તું એ વખતે નાહીને ભીને વાળે કપડાં સૂકવતી હોઈશ. એક-બે વાછરડાં તારી આજુબાજુ ફરતાં હશે. આપણી બોરસલીની ઘટામાં ચકલીઓ, પોપટ ખેલતાં હશે. તારી સાથે માથું ઘસવા આવતી વાછરડીને તું હસીને થોભી

જવા કહેતી હોઈશ. એ હાસ્યને નીચું પડતું અટકાવી, ઝીલી લેવા હું આવીશ. આવીશ, પણ સંભવ છે કે ન પણ આવું..... તારું હાસ્યને નિર્મલ તેજ ન વિલાય તે રીતે વન ગોડવજે. જે પ્રેમ બાંધે છે તે મોહનું છદ્મ રૂપ છે."

આ વ્યકિતનિષ્ઠ પ્રેમ વિકસતો વિકસતો સમસ્ત માનવજાતને આવરી લે છે. એની આ વિકાસરેખાના આલેખ રૂપે આ કથાનો નકશો જોઈ શકાય છે. કથાને આ દિશામાં ગતિ આપવામાં આ બે મુગ્ધ પ્રેમીજનોને વિખૂટાં પાડવાનું આવશ્યક હતું. આને માટે લેખકે જયોતિષવિદ્યાનું આલંબન લીધું છે.

આગાહી એવી છે કે રોહિણી-સત્યકામનાં લગ્ન થાય તો એકનું મૃત્યુ થાય પરંતુ ધ્યાનપાત્ર એ મુદ્દો છે કે જીવનવાદી ગોપાળબાપાને આ અગમ્ય બળની સામે અટલ રહેતા બતાવાય છે. અલબત્ત ગોપાળબાપાના મૃત્યુની બાબતમાં જયોતિષ સાચું પડયા પછી સત્યકામના મનમાં રોહિણી સાથેના લગ્ન અંગે દ્વિધા અને મંથન જગવવામાં લેખકે આ ઘટકનો ઉપયોગ કર્યો છે. તેમાં એમની સર્જકતા સૂચવાય છે. આની સાથોસાથ એવા સંજોગોનું નિર્માણ કર્યું છે કે એક બાજુ લગ્ન પૂર્વે કામકાજ અર્થે ઝરિયા ગયેલો સત્યકામ પાછો ફરી શકતો નથી અને એ રોહિણીને ગોપાળબાપાની ઈચ્છા યાદ અપાવી હેમંત સાથે લગ્ન કરવાનું સૂચન કરે છે પછી તે પોતે શીતળાનો ભોગ બનીને દષ્ટિ ગુમાવે છે. એના મૃત્યુના સમાચાર આવે છે. બીજી બાજુ એવી પરિસ્થિતી ઊભી થાય છે કે રોહિણી અને હેમંત વચ્ચે લાગણીનો તંતુ સંધાય છે. અગાઉ વિનાયકરાવે રોહિણી માટે હેમંતનું માગું નાખ્યું હતું એ કથાઘટકનો લેખકે આ સંદર્ભમાં ઉપયોગ

કર્યો છે. એ જોતાં કથાતંતુઓ ગૂંથવામાં લેખકે કેવી સૂઝ દાખવી છે. તેનો ખ્યાલ આવે છે. રોહિણીનું આકસ્મિક વૈધવ્ય અને સત્યકામ જીવિત હોવાના સમાચાર આ પ્રેમકથાને મર્મવિદારક બનાવે છે. પત્ર, નોંધપોથી, અણધાર્યા અને અનભિજ્ઞ રહેતા મેળાપનો પ્રસંગ સ્વપ્ન અને સતત સ્મરણ જેવી પ્રયુકિતઓનો પ્રયોગ કરતા રહી લેખક આ બે પાત્રોને નિમિત્તે પ્રેમતત્ત્વની સૂક્ષ્મતા અને ગહનતાનો અનુભવ કરાવે છે.

પ્રેમના ઉદાત્ત સ્વરૂપને જાતાં વાચકને 'સરસ્વતીચંદ્ર' અને કુમુદસુંદરીનું સઘ સ્મરણ થાય એમ છે તો સાથેસાથ 'સરસ્વતીચંદ્ર' ના નારીપાત્રોની યાદ રોહિણીનું પાત્ર અપાવે છે.

૫:૩: સંસ્કૃતિ સંદર્ભ-

ગોપાળબાપાના વારસા રૂપે સત્યકામ પ્રેમ, કરુણા અને નિર્ભયતા પામ્યો છે. તો બૌદ્ધધર્મના પરિશીલનથી એ વારસાને એણે વિકસાવ્યો છે. પ્રજ્ઞાચક્ષુ પંડિત કેશવદાસ રૂપે બૌદ્ધધર્મના વિશેષ અભ્યાસ અર્થે વિદેશ જાય છે. રોહિણીને અચાનક હાથ લાગેલી એની નોંધપોથીમાં વિદેશ પ્રસ્થાન કથામાં પ્રસ્તુત બને છે. એની સમાંતરે હેમંતના નાના ભાઈ અચ્યુતનું ક્રમશઃ પાત્ર વિકાસ આ નવલકથાના પહેલા ભાગમાં થાય છે, અને ત્રીજ ખંડમાં એ મહત્ત્વ પ્રાપ્ત કરે છે. ડૉકટર તરીકે એની સેવાઓ કથામાં બીજા વિશ્વયુદ્ધ ની ઘટનામાં પ્રવેશીને અવકાશ કરી આપે છે. પોતાના કાર્યમાં એને મર્સીનો સાથ મળે છે. આ મર્સીના જન્મ પિતા માંગરોલ તરફના છે. અને પાલક પિતા રેથેન્યું છે. અચ્યુતની ચેતવણી છતાં મર્સી હીટલરના સાથી અને પોતાના પિતાના હત્યારા કાર્લની સતત સારવાર કરે છે અને એને સાચી જીવનદિશા ચીંધે છે. અચ્યુત-મર્સીનું

દાંપત્ય યુદ્ધ ની વચ્ચે શાંતિનો અનુભવ કરાવે છે. કેવળ માનવતાથી પ્રેરાયને ભીષણ યુદ્ધ અને દારૂણજન્ય પરિસ્થિતીની વચ્ચે, દેશ અને જાતિથી નિરપેક્ષ રહીને, આ પાત્રો ભિન્ન વ્યવહાર કરે છે. દેશકુળ છોડી જીવમાત્રને સાંત્વના આપે તેવો ધર્મ પ્રબોધના હજારબૌદ્ધની ગુફામાં એ બધાં જાણે સમુહ સ્વરમાં ભાવાત્મક એકતાનું ગાન છેડે છે. અહીં યુદ્ધ જ યુદ્ધની નિરર્થકતા સાબિત કરી આપે છે.

'કુરુક્ષેત્ર' માં આપણે આગળ જાયું છે. તેમ ધૌમ્ય મુનિ આર્ય-અનાર્યના સંમિલનમાં માનનારા છે. ધૌમ્ય મુનિ પાંડવોના કુલ પુરોહિત છે, એમણે સ્વેચ્છાએ વનવાસ સ્વીકાર્યો છે, કુરુક્ષેત્રના સામા છેડે આવી વસ્યા છે. એમની પુત્રી તપતી કોઠાસૂઝ ધરાવતી સક્રિય રહેતી યુવતી છે,તે એક નાગયુવકને તક્ષકને પસંદ કરે છે. પુત્રીની પસંદગી વિશે જાણીને પહેલા તો મુનિને એ વાત થોડી ઔર ઉચિતકર લાગે છે. પણ પછી તેઓ આ વાતને માટે મન મનાવે છે અને તક્ષકના ગુણ સોધે છે. તપતીના માતા સુવર્ણા કાશીરાજના પુત્રી છે, અને એમણે અનાર્ય-નાગો-કિરાતો માટે મુનિ જેટલો સદ્‌ભાવ નથી તેથી આ પ્રેમની વાત સુવર્ણાને નહી ગમે તેની મુનિને ચિંતા હતી પિતા-પુત્રી વચ્ચે આ લગ્નના પ્રશ્ને એની માતાના વલણના સંદર્ભમાં ચર્ચા થાય છે અને પિતા તેનો નિર્દેશ કરતાં કહે છે તક્ષક તર્કવાન અને બલિષ્ટ છે. પણ તે કેટલો સન્નિષ્ટ છે તેની જાણ નથી, છતાં તપતીને હતું કે એના પિતા વર્ષોથી આર્યો અનાર્યોના મિલનની વાતો કરી રહ્યા છે તેથી તક્ષક સાથેના એના લગ્નના વિચારને તેના પિતાજી ચોકકસ વધાવી લેશે,અને અમે માનીને તપતી અનેક પ્રકારના સ્વપ્ન સેવે છે. પરંતુ આ ચર્ચા પરથી એને સમજાયું કે જો પિતા સંમત્તિ ન આપતા હોય તો બીજાની

વાત જ શી. આ દરમિયાન એ બન્ને વચ્ચેનો એક વર્ષનો પ્રણયવિહાર આલેખાયો છે. આશ્રમની ઝાડમાં ફસાયેલી વાછરડીને તક્ષક બચાવે છે અને રક્ષક બને છે. પણ એને ત્યાંના બહુ ઓછા લોકોનો સદ્‌ભાવ સાંકળે છે. એ તપતી મનમાં નોંધે છે. તક્ષક તપતીના હૈયે વસ્યો છે. બન્ને પરસ્પરનાં પ્રેમમાં ગળાડૂબ છે. પરંતુ એના પ્રેમની આડે આમ વિન્ધને તેઓ તટસ્થ રહીને દૂર કરવા ઈચ્છે છે.

તક્ષકની માંદગી પછી તપતી તક્ષકની નજીક જવાનું સાહસ કરે છે એ ઘટનાનું આલેખન બહુ સૂચક રીતે થયું છે. એકવાર તપતીને ઉતાવળે ચાલવા જતાં ઠોકર વાગી એ ગબડી અને સામેના એક ઝાડના ઠૂઠા સાથે માથું ભટકાયું. તક્ષકે દોડી આવી એનો હાથ પકડીને એ બેઠી કરી અને પોતાના ઉપવસ્ત્રથી તપતીના કપાળમાંથી વહેતા લોહીને લૂંછયું. ત્યારબાદ એ ઉત્તરીયનો ટૂકડો તક્ષક પોતાની પથારીમાં સંતાડી રાખતો હતો. કેમ કે, તે તપતીને બહુ જ પૂજતો હતો. તક્ષક તપતીને આ વાતની જાણ કરે છે ત્યારે તપતી તક્ષકનો હાથ પકડી કહે છે એ ઉત્તરીયખંડની સાથે બીજુ પણ ભલે તમારી પાસે રહ્યું તક્ષક આભો બની જાય છે. તેના ચહેરા પર જાણે કે, સ્વર્ગની શરણાઈ સાંભળ્યાનો આનંદ હતો. તે ઉદ્‌ગારી બેસે છે તપતી હું ક્ષુદ્ર છું તમે મહાન છો પણ - "પણ હવે બોલોમાં કાં તો હું પણ ક્ષુદ્ર બનું કાં તો તમે મહાન બનો બીજો માર્ગ જ નથી" [૯] આમ, તપતી તક્ષકનો પ્રેમ બે પ્રજાઓનો પ્રેમ ન બની રહેતા બે સંસ્કૃતિઓના પ્રેમજન્ય સહજીવનનો પ્રશ્ન છે.

તપતીના માતા સુવર્ણા તપતીને તક્ષકથી દૂર રાખવામાં જ માને છે તેથી એકવાર આશ્રમમાં ભણતા તક્ષકને તપતીની હાજરીમાં કડવાં વહેણ

કહી આશ્રમ બહાર નીકળી જવા કહે છે. આથી તક્ષકનું સ્વમાન ઘવાય છે. આશ્રમમાંથી ચાલ્યા જવાનું વચન આપતાં કહે છે, "જયા સન્માન નથી ત્યાં રહેવાનું અમે નાગો શીખ્યા નથી, પણ તમને કહી રાખું છું કે તપતી મારી છે ને મારી જ રહેશે. તમે તેને રાખવી હોય ત્યાં રાખો. હું તેનું હરણ કરીશ. રક્ષણ કરવા તમારે બોલાવવા હોય તો તમારા પિતા કાશીરાજ ને પણ બોલાવજો!"[૧૦] આર્યા સુવર્ણાનાં આવાં તિરસ્કારથી ઘુવાંપૂવાં થયેલો તક્ષક કર્ણને સહાયભૂત થવા જાય છે. તપતીને પોતાની પુત્રી રૂપે શ્રીકૃષ્ણ સ્વીકારવાનું જણાવે છે શ્રીકૃષ્ણ કહે છે. એનાથી તપતી ધન્યતા અનુભવે છે. આ તપતી કૃષ્ણ સાથે હસ્તીનાપુર જાય છે. પરંતુ લેખકે તપતીના પાત્રને યુદ્ધ સાથે સાંકળ્યું નથી એને યુધ્ધ સંબધીત નાની નાની ભૂમિકા સોંપીને કેવળ દષ્ટા રાખી છે. તક્ષકને કૌરવોના પક્ષેથી પાછો વાળવામાં તપતીનો પ્રેમ કાર્યસાધક નીવડે છે. એ જ એને ન્યાયદષ્ટિ અને ધર્મદષ્ટિ પણ આપે છે. છેવટે સુવર્ણાનું હૃદય પરિવર્તન થાય છે અને તક્ષકનું પણ અને છેવટે તપતી તક્ષકના લગ્ન થાય છે.

તપતી તક્ષકના લગ્ન માટે સુવર્ણા સંમત થાય એ હેતુથી ધૌમ્ય મુનિની બીજી પુત્રી માધવી અશ્વત્થામાનો પુત્ર સુભદ્ર સાથે ભાગી જાય છે. અહી પણ દર્શકે આ બન્ને યુગલના પ્રણય સંવેદનોને સમાંતરે આલેખ્યાં છે. 'કુરુક્ષેત્ર' નું એ યુદ્ધ ન રહેતાં ધર્મયુદ્ધ છે એની પ્રતીતિ તપતી જેવા પાત્ર વડે અહી કરાવ્યું છે. સુખ અને દુઃખતો આવે જાય છે. પણ પ્રેમ અને ધર્મ વિચલિત થતાં નથી. એ દ્રૌપદીનું કથન બહુ સૂચક છે. તપતી તક્ષકનો પ્રેમ અહી માનવમૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સ્થાપનાનું પરિચાયક બને છે.

દર્શકની આ નવલકથાઓમાં આલેખાયેલ સ્ત્રી પુરૂષ સંબંધો અને મનુષ્યપ્રેમ સ્થૂળ ભૂમિકાએ ન રહેતાં ઈતિહાસતત્ત્વ, ગાંધીકથિતમૂલ્યો, વર્તમાન સમયની સંક્રિણતા,પૌરાણિક ઘટક વગેરેના સમાયોજન વડે માનવતાનું હૃદ્યરૂપ ધારણ કરે છે તે અહી જાયું.

દર્શકની આ નવલકથાઓમાં સંસ્કૃતિ દર્શન કેવી રીતે કરાવ્યું છે તે વિશે હવે જોઈએ. દર્શકે સાહિત્ય લેખનની શરૂઆત કરી ત્યારે એમની સામે શરદબાબુની કથાઓ અને ટાગોરની નવલકથાઓ હતી. એમાના જીવનમૂલ્યો અને રાષ્ટ્રીયચેતનાનાં નિરૂપણે એમની સર્ગશકિતને ઘડી હતી ઉપરાંત ઈતિહાસ ગ્રંથો પ્રત્યેનો એમનો મમત્વભાવ અને ગાંધીજીના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના વિચારો અને મૂલ્યો તેમજ એમનું પારિવારિક સામાજિક જીવન ગ્રામ સમાજનો પ્રત્યક્ષ સંપર્ક વગેરે એમની રસરુચિને પોષયા, પ્રેરયા હતા. દર્શકે આ સિત્તેર ટકાનો લાભ એમના ત્રીસ ટકાના સાહિત્ય સર્જનને સમૃદ્ધ કરવામાં લીધો. સ્વરાજ માટેનો સંગ્રામ અને સ્વરાજ પ્રાપ્તિનો પછીનો સમય આ બન્ને સમયમાં એમની ચેતનાનો વિહાર ચાલતો રહ્યો. તેઓ રાજનીતિને સમાજચિંતનનું એક અંગ માને છે. તેઓ રાજનીતિ, ઈતિહાસ અને સમાજ એ સૌને વાસ્તવની ભૂમિકાએ સંયોજીને એમાંથી પ્રગટ થતાં તત્ત્વને આલેખવાને પ્રયત્ન કરે છે.

૫:૪: ભારતીયતાનાં તત્ત્વોઃ અનેકતામાં એકતા-

'બંધન અને મુકિત'માં આપણે આગળ જોયું છે તેમ ૧૮૫૭ના મુકિતસંગ્રામની પૂર્વભૂમિકા આલેખાઈ છે. "રાજકીય આઝાદી માટેના પ્રથમ સંગ્રામમાં પણ કોમ સંપ્રદાય અને પ્રદેશની સીમાઓને ઓળંગી જતી હૃદયધર્મની આબોહવાનો લેખક વિનિયોગ કરી શકયા છે."[૧૧]ભારતીય

પ્રજાની રાષ્ટ્રીય ભકિતને પ્રગટ કરતું આ સ્વાતંત્ર્ય યુદ્ધ હતું. એના માટે એમને સ્વાતંત્ર્યસંગ્રામના સ્થૂળ-સૂક્ષ્મ સંઘર્ષોને આલેખ્યા છે. શેખર અને સુભગાના પ્રણય કથાનકનાં નિમિત્તે એમણે પ્રેમકથા અને યુદ્ધકથા બન્નેનાં તાણાવાણા સમાંતરે ગૂંથ્યાં છે. દર્શકે તત્કાલીન રજવાડાનાં અંદરોઅંદરના વૈર,કુસંપ વગેરેને દર્શાવવામાં માટે નરસિંગપુરનું રજવાડું અહી પસંદ કર્યું છે. શ્રીવર્ધન, દેવકી, વગેરે પાત્રો તો ખરાં જ પરંતુ દેશમાં ત્રણ ત્રણ વર્ષ સુધી ભ્રમણ કરતાં કરતાં લોકોમાં રાષ્ટ્રીયતાની ભાવના જગાડવાનું કાર્ય કરતાં વાસુદેવ કંપની સરકારને હિન્દુસ્તાનમાંથી હાંકી કાઢવાનો સંકલ્પ કરે છે. દેશની મુકિત માટે યુદ્ધે ચડે છે. કંપની સરકારના અફસરને અને તેની સેનાને પરાજિત કરે છે અને અંતે કેદ થાય છે.આ મંત્રદષ્ટા અને સ્વાધીનતાનાં પૂજારી વાસુદેવ જયારે આદલત સમક્ષ પોતાના જે વિચારો વ્યકત કરે છે તેમાં અંગ્રેજ શાસને કરેલાં અન્યાયનું અને અંગ્રેજોનાં આગમન પૂર્વેના સ્વાધીન ભારતનું એક સરસ શબ્દચિત્ર ઊપસી આવ્યું છે. ઉપરાંત જનરલ ડેનિયલ સાથેના દીર્ઘ વાર્તાલાપમાં એમની સ્વાધીનતાની ઝંખના અને ઉત્કટ દેશપ્રેમ વ્યકત થયાં છે. વાસુદેવ પોતાના દેશવાસીઓની નબળાઈઓથી પણ વાકેફ હતાં. પરંતુ સમાનતાના પાયા ઉપર ઊભેલાં રાષ્ટ્રધર્મના આ સમર્થકની વાણી, વિચાર અને કાર્યોએ માનવતાના દ્યોતક બને છે. જેલની ઓરડીમાં જ મહાસમાધિ પામતા જ આ વાસુદેવનું વિરાટ અને ઉદાત્તરૂપ એ દર્શકનું જમાપાસું છે. વાસુદેવના શિષ્ય અર્જુન પણ એ જ ગોત્રના છે અને મહારાજા શ્રીવર્ધનના મૃત્યુ પછી નિર્ભય બનેલ દેવકી પણ સોહનસિંહનુ હૃદય પરિવર્તન કરે છે. ત્યારે તેનાં વિચારોમાં ભારતીય સંસ્કારના દર્શન થાય છે. રાજશેખર વિપ્લવકારોના પંજામાં સપડાયેલ જનરલ ડેનિયલની પુત્રી એમીલીને જાનના જોખમે

બચાવે છે એ ઘટનામાં એમનામાં રહેલી માનવતાનો ભાવબોધ કરાવે છે. એટલે સુધી કે આ માનવતાવદી શેખર ડેનિયલને નસાડીને પોતે ઘરપકડ વહોરી લઈ મૃત્યુદંડની સજા પામે છે. વાસુદેવ અંગ્રેજ અફસરોને પરાજિત કરે છે પરંતુ તેમનો વધ નથી કરતાં આમ, આ બનાવો ભારતીય જીવનમૂલ્યો અને ભારતીયદર્શનના દ્યોતક બને છે. અહી આપણે જોઈશું કે ૧૮૫૭ના મુકિતસંગ્રામનું કથાનકને માત્ર રાજકીય ભૂમિકાએ વિકસતું નથી પરંતુ એમાં જે જીવનમૂલ્યોની અને રાષ્ટ્રીય સ્વતંત્રતાથી પણ અદકેરી માનવતાના દર્શન દ્વારા માનવીય સંકુચિતતા વગેરેના બંધનમાંથી કેવી રીતે મુકિત મેળવી શકે એનું આલેખન થયું છે. એ રીતે એનું શીર્ષક પણ સૂચક બને છે.

'પ્રેમ અને પૂજા' માં આઝાદીનાં આંદોલનો રાષ્ટ્રભાવના અને સમર્પણભાવનું આલેખન થયું છે. એમને સમકાલીન ઈતિહાસના અંશોનું અવલંબન લીધુ છે. પરંતુ એની સાથે પોતાના સમકાલીન સમયને યોજયો છે. સ્વતંત્રતા અને સમાનતાનામૂલ્યો વચ્ચે પ્રેમ અને સહિષ્ણુતાના મનોભાવો આલેખ્યા છે. આ નવલકથામાં એમણે નીલકંઠ અને ભકિતની પ્રેમપ્રતીતિ અને બીજી બાજુ કેરળ છાવણી એની પ્રવૃત્તિઓ દ્વારા તેઓ એ સમયની રાષ્ટ્રીય જાગૃતિ અને મૂલ્યબોધની ખેવના સૂચવે છે.

૫:૪: માનવતાવાદી વલણ

દર્શકની સંસ્કૃતિસમજ ગોવર્ધનરામની જેમ સમન્વયવાદી રહી છે. તેઓ પ્રાચીન આર્યાવર્તના ઈતિહાસથી જ્ઞાત છે. ઈતિહાસના સત્યોનું પોતાના સમયસંદર્ભે અર્થઘટન આપવાનો એમનો ઉપક્રમ એમની નવલકથાઓમાં જોઈ શકાય છે. એમના સમયની પૃષ્ઠભૂનો એમના ઉપર

પણ પ્રભાવ પડયો હતો. ગાંધીવાદ અને સામ્યવાદની વિચારણાનો પ્રભાવ રમણલાલ, મુનશી, દર્શક જેવા નવલકથાકારો વિચારકો પર પણ પડયો છે. દર્શકની નવલકથાઓ જોતાં એમનો પક્ષપાત ગાંધીવાદ પ્રત્યેનો વિશેષ દેખાય છે. એમની નવલકથાઓમાં ગાંધીયુગીન વિચારો, સિદ્ધાંતો, મૂલ્યો વગેરે છે. આપણી સાંસ્કૃતિક વિરાસતનો લાભ પણ એમણે મળ્યો છે અને એના સુફળરૂપે આપણી ભારતીય અસ્મિતાના તત્ત્વોનું દર્શન થાય છે. આ સંદર્ભે આપણે 'દીપનિર્વાણ' ને જોઈ શકીએ. 'દીપનિર્વાણ'માં ઐલ અને મહાકાશ્યપ એ બન્નેનાં વિચારો, જાતિ, વર્ણ, કોમથી પર છે અને વસુધાના કુટુંબની એકતા સિદ્ધ કરવામાં એમનો સારસ્વતધર્મ કેટકેટલી રીતે ઉપકારક નીવડે એવા ખંત અને ખેવના ધરાવતા આ પાત્રો છે તેથી તેઓ ગણરાજયો વચ્ચેના વિસંવાદને દૂર કરવાની નેમ રાખે છે. ભૌતિક ઉત્કર્ષનું આથી તેમણે મન કોઈ મૂલ્ય નથી પરંતુ નૈતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ વિશ્વની એકતાના પાયામાં રહેલો છે. આ નવલકથાનું બીજુ મહત્ત્વનું અંગ એ છે કે દર્શકને મન ગણરાજય એક ભાવના છે અને આ ભાવનાનું સાચું જતન લોકશાહીના મૂલ્યો દ્વારા જ શકય બને. આથી સુચરિતા, આનંદ,સુદત્ત વગેરે પોતપોતાની રીતે સ્વતંત્ર્યપણે વિકસે છે. અલબત્ત એમના પરિવેશનું એમાં યોગદાન તો છે જ સુદત્ત, સુચરિતાના હૃદય પરિવર્તન પાછળ આ જ ભૂમિકા રહી છે.

કૃષ્ણા-મૈનેન્દ્રના વિદ્યાગુરુ ઐલનાં અને કથાના અંતભાગે આચાર્ય શીલભદ્રનાં શક આદિ અનાર્ય યવન જાતિઓને વિદ્યા અને ભગવાન તથાગતે પ્રબોધેલી પ્રેમ, કરુણા-અહિંસાની આધ્યાત્મિક ભાવનાઓના સિંચન. થકી સંસ્કારવાના પુરુષાર્થનો મહિમા છેવટે આનંદ, સુચરિતા પણ

સમજે, સ્વીકારે છે અને એ સાથે કૃષ્ણ-મૈનેન્દ્ર પણ પ્રણયપ્રેરિત દાંપત્યની દિશામાં મંગળ પ્રસ્થાન આદરે છે. એ ઘટનાક્રમ આકસ્મિક કે અકારણ નથી.

દર્શકની સમન્વયવાદી દષ્ટિનો પરિચય આ કૃતિમાં આ રીતે થાય છે કે પ્રજા અનેક આક્રમણોથી સતત ત્રસ્ત હોય અનેક ઝંઝાવાતો એને ઘેરી વળ્યા હોય પરંતુ આક્રમણને એના સમયક્ અર્થમાં સમજીને ભારતવર્ષ આ માનવસહજ મર્યાદાઓથી ઊંચે ઊઠીને પોતાની ગરીમા ઊંચેને ઊંચે ઊઠાવે છે. એ ભાવનો પરિચય એમને કરાવ્યો છે ત્યારે એમણે "ઈતિહાસની કાલાતીત- સર્વકાલીન એવા 'તથ્યો' નહીં પણ 'તત્વો' ને પામવાનો પ્રયત્ન કરે છે. પોતાના સમયના 'ભારત' માં પણ જે તત્ત્વો પ્રવર્તતા જણાય છે તેને અતીતમાંય પ્રવર્તેલા જોતાં અતીત અને વર્તમાનનો અનુબંધ સર્જાય છે. તે આપણા જ અતીતમાંથી સ્ફુટ થતો 'પાઠ' આજેય પ્રસ્તુત છે – તેને વ્યકત કરી આપવો ઈષ્ટ છે-તેમાંથી પ્રજાને પ્રેરણા મળી શકે છે. કદાચ આવા કોઈક વૈચારિક અભિગમથી 'દર્શક' ગણરાજયોના ગૌરવચિત્રની નહીં પણ નિર્વાણની ઘટના વસ્તુ તરીકે અપનાવી કથા તરીકે આલેખે છે."[૧૨] અર્થાત્ તેઓ ઈતિહાસને ઈતિહાસ રૂપે રાખીને પોતાના યુગને અનુરૂપ દર્શન બતાવી શકયા છે. ભારતમાં ગણરાજયની ભાવના કેવાં પ્રકારની હતી તેનું ચિત્ર આપવા ઉપરાંત લેખકે ભારતીય સંસ્કૃતિમાં અનેક જાતિઓને સમાવવાની જે સમન્વય શીલતા હતી તેના પર અહીં ભાર મૂકાયો છે. "અનેક નિર્ણયોમાં સ્પષ્ટરૂપે પરખાતાં એવાં ભાવનાગત,આદર્શરૂપ મૂલ્યોનું નિર્ણાયક અનુસરણ સમગ્ર અને સરલરૂપે અવલોકતાં તેમાં પ્રજાની સાંસ્કૃતિક વ્યકિતત્વની ચેતનાનો આવિષ્કાર

દેખાશે."[૧૩] આથી જ કદાચ ઉમાશંકર જોશીને આ નવલકથાની સાંસ્કૃતિક, ભાવનાત્મકતા અને ચિંતન પ્રવર્ણતાના રચાતા સુયોગને લીધે આ નવલકથાને મનભરતાનો અનુભવ કરાવે છે અને એમ કરીને એમણે ગોવર્ધનરામ અને દર્શક વચ્ચે એક સેતુ રચવો હશે તેમ જણાય છે.

૫:૪: સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

'ઝેર તો પીધાં છે જાણી જાણી'નવલકથામાં રોહિણી અને સત્યકામના પ્રણયનું નિરૂપણ ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવે છે. ગોપાળબાપાનું પાત્ર આ નવલકથામાં બહુ મહત્વનું પાત્ર છે. એવું કહેવાય છે કે,ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિના સર્વોદયના આદર્શને પોતાના જીવનમાં અને દેશના કાર્યોના મૂર્ત કર્યો હતો. દર્શકે આ નવલકથામાં ગોપાળબાપાનું પાત્ર એ આદર્શને ચરિતાર્થ કરવા જાણે કે રચ્યું છે. સર્વના ભૌતિક નૈતિક આધ્યાત્મિક અભ્યુદયમાં જ આપણો ઉદ્ધાર છે એ સિદ્ધાંત ગોપાળબાપા પોતાના જીવનમાં પ્રત્યેક આચાર વિચારમાં જીવી બતાવે છે અને એ રીતે ગાંધીપ્રેરિત રાષ્ટ્રીય અસ્મિતાનો મહિમા દર્શાવે છે.

ગોપાળબાપા એક નંદનવન ખડું કરે છે. ગાંધી આદર્શનું એક ગામ બને, જયાં શોષણ નથી, સહિયારા શ્રમનું અદકેરું મૂલ્ય છે. ઉચ્ચ-નીચ જેવા ભેદભાવ નથી. પશુપાલન, ખેતી જેવા ઉત્તમ વ્યવસાય છે. આશ્રમ જેવું નૈસર્ગિક વાતાવરણ છે એવા જીવનની છાયામાં ઉછરતાં આ બન્ને દેશને સમર્પિત નવયુવાનો છે. પહેલા ભાગમાં ગાંધીયુગની સાંસ્કૃતિક અસ્મિતા આ રીતે ઝીલાઈ છે અને બીજા ભાગમાં આ રાષ્ટ્રીયતાની અસ્મિતાની લડત વિશ્વના આંગણે પહોંચેલા આ પાત્રો કરાવે છે. ભારતની સીમાને અતિક્રમીને વિશ્વ સુધી પહોંચવાની ગુંજાઈશ આ કૃતિમાં

જે રીતે પ્રગટ થઈ છે એમાં ગુજરાતની સાથોસાથ ભારતીય સંસ્કૃતિ અને એના વિધવિધ રૂપો ઝીલાયેલા છે. રોહિણી –સત્યકામનાં ઉદાત્ત કરુણમંગલ પ્રણયનું નિરૂપણ લેખકે અહીં સંમાન્ય કર્યું છે.

જયોતિષના કથનને લઈને સત્યકામ અને રોહિણીનું લગ્ન શકય બનતું નથી અને રોહિણીથી વિખુટા પડયા પછી સત્યકામના જીવનમાં બનતી અણધારી ઘટનાઓને કારણે તે કાશી, સારનાથ અને યુરોપમાં ભ્રમણ કરે છે. ત્યાં એની સામે બૃહદ્‌ની બારીઓ ખૂલી જાય છે."[૧૪] આ ભ્રમણ કરવા દરમ્યાન એ બોદ્ધધર્મનું પરિશીલન કરે છે અને પ્રજ્ઞાચક્ષુ પંડિત કેશવદાસ રૂપે ઓળખાય છે. ગોપાળબાપાનાં વારસા રૂપે તે પ્રેમ અને નિર્ભયતા પામ્યો હતો. બૌદ્ધધર્મના પરિશીલનથી એ કરુણાનો ભાવબોધ કરે છે જયારે અચ્યુત અને સત્યકામ પરદેશથી પાછા આવ્યા છે અને એક અંતરાલ બાદ રોહિણી સત્યકામની આત્મકથા વાંચે છે ત્યારે રોહિણીનું હૃદય પણ સત્યકામની જેમ કરુણામય બને છે.રેથેન્યુ અને ક્રિશ્ચાઈનના વ્યકિતત્વોથી એને (સત્યકામને) જીવનના જે સત્યો સમજાયા હતા એનો પ્રતીતિજન્ય અનુભવ રોહિણીને પણ થાય છે. સમગ્ર માનવજાતિની શાંતિની ખેવના એ સત્યકામની આંતરિક જરૂરિયાત બની ગઈ છે. એ કક્ષાએ પહોંચવાની સમતા રોહિણી પણ ધરાવે છે. આમ,દર્શકે ગાંધીજીની ભાવનાને વધુ પ્રબળ રૂપે ઊપસાવવા માટે ૨૦મી સદીની યુરોપીયન પરિસ્થિતિ અને એની વાસ્તવિકતાઆને એની સાથે ગૂંથીને પોતાની નવલકથાનાં વ્યાપને વિસ્તાર્યું છે. ત્રીજા ભાગમાં લેખક વળી પાછા આપણી ભારતીય ભૂમિકા તરફ ઝૂકે છે. માણસે માણસ સામે લડવાનું નથી પરંતુ યુધ્ધ સામે લડવાનું છે. એ દર્શાવવા એમને યુધ્ધકથા

આલેખી છે. ગાંધીજી અને ભગવાન તથાગતની જીવનદષ્ટિનો લાભ આ કથાને મળ્યો છે. સાથોસાથ રોહિણી અને સત્યકામ અહીં અનેક દ્વિધાઓ, આંતરસંઘર્ષો અને અણધારી પરિસ્થિતિઓને સૂઝ સમજપૂર્વક અતિક્રમીને પાછા મળ્યાં એ માટેનું વાતાવરણ રચે છે.

આ આખો ઘટના પ્રપંચ અનેક પાત્રો, પહેલા વિશ્વયુધ્ધ, બીજા વિશ્વયુદ્ધના ભૂગોળની વિગતો, આધ્યાત્મિક, સામાજિક ઘટનાઓ વગેરે દ્વારા સિદ્ધ થયો છે. આ કૃતિમાં ઈતિહાસનો આધાર લીધો નથી પરંતુ તેઓ મનુષ્યના વર્તમાનને ઈતિહાસથી અળગો કરીને જોતાં નથી એ જ રીતે સમાજ કે સંસ્કૃતિને ઈતિહાસની દષ્ટિએ જોવાનું વલણ ધરાવે છે એ અહીં સૂચિત થાય છે. ગોવર્ધનરામ અને રમણલાલ દેસાઈની જેમ તેઓ ગાંધીબોધિત- મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવે છે. પરંતુ પોતાના કાળખંડ સંદર્ભે- એની વર્તમાનતાના સંદર્ભે જયારે એ વિશેનું અર્થઘટન પોતાની નવલકથા રૂપે કરે છે ત્યારે તેઓ સહેજે જુદા પડતા જણાય છે.

'કુરુક્ષેત્ર'માં લેખક નોંધે છે તેમ એમાં એમને કૃષ્ણનું દર્શન કરવું હતું. આ કૃષ્ણ એમણે માટે રક્ષક કરનાર પરમાત્મા પણ છે અને પ્રેરણા આપનાર પરમાત્મા પણ છે અર્થાત્ પરમાત્માનો અંશ લોકનાયક માં વ્યકત કરનાર તત્ત્વ કયું છે. એ એની શોધ આ કુરુક્ષેત્ર નવલકથાનાં પાયામાં છે. 'કુરુક્ષેત્ર' ની કથા માત્ર કૌરવો અને પાંડવો વચ્ચે ખેલાયેલા મહાસંગ્રામને વર્ણવતી નથી તપતી, તક્ષક, ધૌમ્ય, સુવર્ણા અને ચિંતામણી જેવા પાત્રોના મનોજગતમાં ચાલતા કુરુક્ષેત્રને વર્ણવે છે. મહાભારતીય કુરુક્ષેત્રના સંદર્ભે આ પાત્રોના મનોપ્રદેશમાં ચાલતાં 'કુરુક્ષેત્ર'ને અહીં વિષય બનાવ્યો છે.

અર્થાત્ ધર્મક્ષેત્રનું કુરુક્ષેત્ર અને પાત્રોના મનોગતનું કુરુક્ષેત્ર એ બે કુરુક્ષેત્ર વચ્ચે યુગપુરુષ શ્રીકૃષ્ણના ચરિત્રને સાકાર કરે છે.

કુરુક્ષેત્રના કેન્દ્રમાં તપતી અને તક્ષકની પ્રણયકથા નિમિત્તે આર્ય-અનાર્યની સંઘર્ષ કથા છે. આ બન્નેની વચ્ચે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો અવાજ સંભળાય છે. આ પૂર્ણ પુરષોત્તમ યુગપુરુષ રૂપે, અતિમાનવ રૂપે રજૂ થતાં રહ્યાં છે. દર્શક પોતાની નવલકથાઓમાં 'સત્ય'ની શોધ ભિન્ન ભિન્ન રૂપે ચલાવે છે. આ નવલકથામાં કૃષ્ણ સ્વયં સત્યનું રૂપ ધારણ કરતાં જણાય છે. કૃષ્ણના જેટલું જ સીમાચિન્હ્ રૂપ તપતીનું છે. અનાર્યોમાં પાંડવો પ્રત્યે હમદર્દી ધરાવનાર તક્ષકને પક્ષ પલટો કરાવનાર અને કર્ણને આપેલ વિશ્વયુકત હાથાને તક્ષકને મનાવી લેનાર આ તપતી એ નવલકથાની કરોડ-રજજુ સમાન છે. તપતીના આ પુરુષાર્થ પાછળ પાંડવોના રાજપુરોહિતની પુત્રી હોવાનું કર્તવ્ય જેટલો ભાગ ભજવે છે. એથી વિશેષ કૃષ્ણની તેના પર પડેલી કૃપાદષ્ટિ ભાગ ભજવે છે. તપતી દ્વારા તક્ષકને સમજાવી બે વિભિન્ન સંસ્કાર પક્ષો વચ્ચે સાયુજય સમાજસ્ય સ્થાપવાનો નવલકથાકારનો ઉપદેશ સમજાય છે.

દર્શકે આમ, શ્રીકૃષ્ણનું દર્શન કરવું હતું. વિજય ખરો પણ ધર્મનો, યુધ્ધ ખરું પણ ધર્મનું, દુષ્ટોના, દુરિતોના હનન માટેનું તેથી તેઓ યુદ્ધના મોલમાં ઊતર્યા છે. સુવર્ણા ચિંતામણિ અને ગાંધારી જેવી માતાઓ યુદ્ધને અંતે કેવી મનોદશા અનુભવે છે, તે પણ લેખકે પ્રતીકની કક્ષાએ બતાવ્યું છે. યુદ્ધમાં લડતા પુરુષની સાથે ઘેર રહી યુદ્ધને અનુભવતી સ્ત્રીના આંતર સંઘર્ષને વેદના સુધીનો એમ વ્યાપ સધાયો છે. તપતી અને તક્ષકની પ્રણયકથા સવર્ણ-અવર્ણના, ઋષિકન્યા અને નાગયુવકના જાતિ-જાતિ

વચ્ચેના ભેદોને તાકે છે. કથાનકમાં એમ નવા અંશો ઉમેરીને પણ તેમને સાંપ્રત ભારતની કેટલીક સમસ્યાઓ વિશે પ્રબળ સંકેતો કર્યા છે. દર્શક એમ પૌરાણિક કથાને વર્તમાન ભારતના સંદર્ભે મૂર્તતા આપે છે અને તેનું નવું અર્થઘટન પણ પ્રસ્તુત કરે છે."[૧૫] એ રીતે દર્શકે પ્રેમ અને મહાયુદ્ધનો અનુભવ આલેખી સાંસ્કૃતિક મૂલ્યોમાં ઉજાગર કર્યા છે.

આપણે અહીં દર્શકની કેટલીક નવલકથાઓમાં જોવા મળતાં ઈતિહાસ તત્ત્વો એની સમર્પકતા એના વર્તમાન સંદર્ભે કરવામાં આવેલા અર્થઘટનો પ્રેમભાવના, માનવતા, સાંસ્કૃતિક મૂલ્યોમાં અર્થઘટનો અહીં જોયાં.

ઉપર જાયું છે તે મુજબ દર્શકની નવલકથાઓમાં કૃષિ જગત છે, શિક્ષણ છે, ઈતિહાસ છે, રાજકારણ છે, માનવીયમૂલ્યો છે, અનેક દેશોની સંસ્કૃતિ છે, પ્રકૃતિ જગત છે, લોકશાહી અને એના ચઢાવઉતાર છે, આ બધા સાથે એમનો પ્રત્યક્ષ સંબંધ રહ્યો છે. ગાંધી જયપ્રકાશ નારાયણ, સ્વામી આનંદ, વિનોબા ભાવે, વગેરે તેમના આદર્શ લોકના જીવંત પાત્રો બનીને રહ્યાં છે. પોતાની ધરતીનાં મૂળયાંમાં અને અન્ય દેશોની ધરતીનાં મૂળિયામાં જં કંઈ કંપ ઝીલાતા રહ્યાં છે એને સર્જક તરીકેના એમના ચેતનાકોષને ઘડયો છે. 'બંધન અને મુકિત', 'પ્રેમ અને પૂજા' , 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી', 'કુરુક્ષેત્ર' અને 'સોક્રેટીસ' જેવી નવલકથાઓમાં આ વિવિધ તત્ત્વોમાંથી કેવી રીતે એકતા રચી શકાય તેનો સજક પુરુષાર્થ જોવા મળે છે. ONENESSનો એમનો વિભાવ એમની કૃતિઓ દ્વારા કેવી રીતે ચરિતાર્થ થયો છે તે આપણે જોયું છે.

"રમણલા દેસાઈની 'ભારેલો અગ્નિ' લખવા માટે ગાંધીયુગનું જે વાતાવરણ સાંપડયું હતું એનો પ્રાણવાયુ દર્શકને પણ સુલભ હતો જ."[૧૬] 'બંધન અને મુકિત' લખતી વખતે મુકિતની માગએ કોઈ કોમ કે જાતિનો દ્વેષ નથી કોમ, સંપ્રદાય અને પ્રદેશની સીમાઓને ઓળગી જતી હૃદયધર્મની આબોહવાનો વિનિયોગ કરે છે.અહીં ઈતિહાસ છે, રાજકારણ છે, માનવપ્રણયના ઉન્મષો છે અને પ્રાકૃતિક સૌંદર્ય છે, ભૌગોલિક સત્યો છે અને વર્તમાનું એમનું પોતાનું દર્શન છે. આ બધા તત્ત્વો એમની નવલકથામાં એકરૂપ થાય છે. ઈતિહાસ કેવળ ઈતિહાસ રૂપે નહી અને મુકિતસંગ્રામ કેવળ સંગ્રામ રૂપે નહી. પ્રકૃતિ અને પ્રણય એની સાથે વિકસીત થાય છે.

'પ્રેમ અને પૂજા'માં ગઈ સદીના ત્રીજા, ચોથા, પાંચમાં દાયકાના સામાજિક ઈતિહાસને ગાંધીપ્રેરિત મૂલ્યોને પ્રકૃતિ અને પ્રણયના રૂપો સાથે વણી લઈને રજૂ કર્યો છે. દેશી રજવાડાની ભૌગોલિક સીમામાં રહીને એમને એ સમયની રાષ્ટ્રીય જાગૃતિ અને મૂલ્યોબોધને પોતાના સમકાલીન સમય સાથે ગૂંથી લીધા છે. ખાસ તો અહીં લેખકે મુખ્ય પાત્રોના મનોભાવોને સૂચવવા જે પ્રાકૃતિક સાદશ્યો યોજયા છે. તે કૃતિના આંતર યર્થાત્ને પ્રતીતિક્ષમ બનાવે છે તો સાથોસાથે આ બધાનું એકત્વ પામેલું રૂપ આસ્વાદ નો વિષય બને છે.

'દીપનિર્વાણ' માં બે હજાર વર્ષ પહેલાંની વાર્તાને પસંદ કરીને એમને એ વાતાવરણને પોતાના વર્તમાનની સાથે સહોપસ્થિત કર્યો છે. દર્શકનો ઈતિહાસ વિશેનો ખ્યાલ અહી એ યુગની સાંસ્કૃતિક સમગ્રતાના સંદર્ભે ચરિતાર્થ થયો છે. બ્રાહ્મણક અને માલવ બે ગણરાજયો અહી કૃતિની

પૃષ્ઠભૂમાં છે. એના પાયામાં છે પ્રાચીન ભારતનું એક સ્વપ્ન અને પરાધીન ભારતને સ્વાધીન પ્રજાતંત્રની પ્રેરણા પૂરી પાડતી કથા આપણી સંસ્કૃતિના વનવૃક્ષોની છાયામાં ઉછરતાં આ પાત્રો, ઈતિહાસ, રાજયવ્યવસ્થા, આંતરિક સત્તા લાલસા, સ્પર્ધા, કળા, યુદ્ધ, ધર્મ, પ્રણય વગેરે જેવાં અનેક તત્ત્વોને સાથે લઈને ચાલે છે. આ બધાની ઉપર સુચરિતા અને આનંદના આંતરસંબંધો, સુદત્તની કળા અને ગણરાજયોની સ્વતંત્રતાની ભાવના ઊપસી આવે છે અને એમાંથી એ ઉપસી આવે છે શતાબ્દીઓ પૂર્વેનો એનો સમય, એનું દર્શન અને સાંસ્કૃતિકમૂલ્યો એ બધા માંથી એમનું ભારત વર્ષનું સ્વપ્ન આકાર લેતું જણાય છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી 'ના પાકૃતિક દર્શનની સાથે પર્વતો જેટલાં પુરાના સત્ય અને અહિંસા જેવા ગાંધીભાવનાના ઘટકો વિસ્તરે છે. સત્યકામ- રોહિણીનો પ્રેમ, ગોપાળબાપા અને બેરિસ્ટર જેવાં પાત્રો હેમંત અને રોહિણીનો લગ્ન સંબંધ, એમના પરસ્પરના સંબંધો, પ્રેમ, ઈર્ષા જેવાં ભાવો આગળ જતાં વ્યષ્ટિ-સમવિષ્ટના સંબંધો રૂપે વિકસે છે. પ્રેમકથા અને યુધ્ધકથા અહીં એ રીતે આલેખાઈ છે કે એમાંથી ભગવાનતથાગત અને ગાંધીની જીવનદષ્ટિનું પ્રબોધન પ્રાપ્ત થાય છે. વ્યાપક ફલક ઉપર પથરાયેલી ત્રણ ભાગમાં વિભાજિત આ નવલકથામાં ઉપર જોયા એ બધા તત્ત્વોની સાથોસાથ અહિંસા અને કરુણાની ભાવના વર્ચસ ભોગવે છે. લેખકે આ નવલકથામાં વિદેશનું વાતાવરણ રચ્યું છે અને એ રીતે આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિના તત્ત્વોને ઉજાગર કરી આપવાનું એમનું પુરુષાર્થ અહી નોંધપાત્ર બને છે.

વ્યતિતની સ્મૃતિથી શરૂ કરેલ નવલકથામાં કુરુક્ષેત્રનું દર્શન છે. કૃષ્ણનું દર્શન કરવાને નિમિત્તે, પ્રાચીન સંદર્ભને કૃતિનો વિષય બનાવીને, દર્શકે અહીં અનેક ઘટકોનો આધાર લીધો છે. અહીં વનરાજિ છે. અહીં ઈન્દ્રશીલ શિખર છે, ગંધ કિરાત અને નાગ છે, ધૌમ્ય મુનિનું તપોવન છે, વિદ્યાઓ છે, કલાઓ છે, ઉત્સવો છે. પ્રેમજન્ય સહજીવન છે, યુદ્ધ છે, એમ અહીં યુદ્ધકથા, પ્રણયકથા અને ધૌમ્ય મુનિ જેવા ગાંધીજીના સાચા પૂર્વજ જેવા તપસ્વીની સંસ્કાર સિંચન કથા છે, યજ્ઞવિદ્યા, વેદવિદ્યા, રાજનીતિવિદ્યાના એકમેકમાં ગૂંથાતા તાણાવાણાનું સુચારુ એકત્વ છે. ટૂંકમાં એમ કહી શકાય કે 'કુરુક્ષેત્ર'માં આ બધાં તત્ત્વનું એકત્વ દર્શાવતું સમયક્ દર્શન પ્રાપ્ત થાય છે.

દર્શક એમની નવલકથાઓમાં ઈતિહાસ, રાજકારણ, ભૌગોલિકતા, વગેરેનો આધાર લે છે. પરંતુ એમનું લક્ષ્ય છે. ભારતીય સંસ્કાર સિંચનનું મૂર્તરૂપ રજૂ કરવાનું એ રીતે અહીં આપણે જોયું તેમ એ ભારતીયતાને માટે એમને વિનિયોજેલી આ કથાસૃષ્ટિમાં વિવિધ ઘટકો-તત્ત્વો-વિચારો વચ્ચેનું એકત્વ પ્રણય-પ્રકૃતિની પડછે થયું છે.

'ભારતીયતા'નાં તત્ત્વોમાં માનવતાવાદીદર્શન અને સાંસ્કુતિક પરિપ્રેક્ષનું પ્રદાન સીમાચિહ્નરૂપ રહ્યું છે. 'બંધન અને મુકિત'માં એક વૃદ્ધ વાસુદેવ અને એક નવયુવક અર્જુન રાષ્ટ્રપ્રેમથી છલકાતા પાત્રો છે. કથા ભલે ૧૮૫૭ના મુકિતસંગ્રામની છે. એ રાજકીય આઝાદી માટેનો સંગ્રામ છે. પરંતુ જાતિ, સંપ્રદાય અને દેશની સીમાઓને ઓળંગીને 'ભારતીયતા' હૃદય ગૌરવને કેવી રીતે ઝીલી શકાય એની આ કથા છે. રાજકીય વાતાવરણ એના આંતરકલહ, યુદ્ધ વગેરે અહીં છે તો સાથોસાથ

સમાનતાના પાયાપર ઊભેલો વાસુદેવનો રાષ્ટ્રધર્મ છે. શત્રુને યુદ્ધ પછી મદદરૂપ થવાનો માનવતાનો વારસો છે, કર્તવ્યપાલન છે અને હૃદય પરિવર્તનની ઉદાત્ત ભાવના છે. આમ, દેશના નૈસર્ગિક સૌંદર્યને પડછે એના સાંસ્કૃતિક વૈભવને ઊપસાવીને લેખક આત્મિક મુકિતના અનુભવને ઊપસાવે છે. એ રીતે આ નવલકથા માનવતા, આદર્શ, ધાર્મિક સંપ્રજ્ઞતા, સમાનતા અને સ્વતંત્રતાના મૂલ્યો, ક્ષમા અને મુદ્દિતા જેવા ભાવાને અહીં અભિવ્યકત કરે છે. ઈતિહાસનો કાળખંડ માનવતાના વારસામાં એકરૂપ થઈ જાય છે અને એમાંથી સર્જક આત્મિક મુકિતના ભાવબોધ વાળું પોતાને અભિપ્રેત વર્તમાનનું મૂલ્ય – સત્ય દર્શાવે છે.

'પ્રેમ અને પૂજા'માં ગાંધીયુગથી પ્રભાવિત ગુજરાતી સમાજનું ચિત્ર છે. ગાંધીજીથી જેઓ પ્રભાવિત નહોતા એવા એ યુગના અર્ધદગ્ધ સમાજને લેખકે પાર્શ્વભૂમિ તરીકે લઈને સામાજિક ઈતિહાસ દર્શાવ્યો છે. એ માટે સુખ-દુઃખાત્મક ભાવો ગૂંથ્યા છે અને બીજી બાજુ નીલકંઠ-ભકિતની પ્રણયકથાને અનુસંગે એ સમયની રાષ્ટ્રીયજાગૃતિ અને મૂલ્યશોધની સૂચના મૂલવી છે. સ્વતંત્રતા અને સમાનતાના મૂલ્યો અને પ્રેમ અને સંહિષ્ણુતાનામૂલ્યો દ્વારા અહીં વર્તમાનનું એમનું અર્થઘટન રજૂ થાય છે. શ્રી દેસાઈજી, વસુબંધુ, નીલકંઠ, ભકિત વગેરે પાત્રો ભિન્ન-ભિન્ન છેડેથી વિકાસ પામતા જતાં માનવતાના – સમાનતાના વાચક બન્યા છે. રાજમહેલનું વાતાવરણ સત્યાગ્રહછાવણી અને શિવાલય અને એની આસપાસનો પ્રાકૃતિક પરિવેશ વચ્ચે આ માનવતાનું ઝરણું વહેતું રહ્યું છે.

ઈતિહાસ વિશેના પોતાના ઈષ્ટખ્યાલને કોઈ એકયુગ, એની કલા અને કલાની પડછે પ્રેમતત્ત્વ અને એમ સાંસ્કૃતિક સમગ્રતાનું કથારૂપ બને છે 'દીપનિર્વાણ' બે ગણરાજયો એમની આંતરિક સત્તા લાલસા અને આનંદ સુચરિતા અને સુદત્તનો પ્રણયત્રિકોણ, 'દીપનિર્વાણ'નું ભાથું છે. મહાકાશ્યપ અને શાસ્ત્ર નિધિ ઐલ એ બે ભારતીય સાંસ્કૃતિક પરંપરાના મહાબાહુ સમાન છે. દર્શકે આ કૃતિમાં સાંસ્કૃતિક છબી ઊપસાવવા ભિન્ન ભિન્ન રસરુચિ ધરાવતા વ્યકિતત્વોને અહી ગૂંથ્યા છે. વીણાવાદન કરતી સુચરિતા, શિલ્પી સુદત્ત, મહાબાહુ અને ભવ્ય વ્યકિતત્વનો સ્વામી આનંદ, શાસ્ત્ર સંચાલન કરતી કૃષ્ણા, ઉદાત્ત વ્યકિતત્વ ધરાવતા ગણરાજયોની સ્વતંત્રતાની ભાવનાને ટકાવવા મથતા મહાકાશ્યપ, મહર્ષિઐલની વત્સલતા અને ઉદાત્તતા ગુપ્ત મંત્રણાઓ, મૈનેન્દ્રની વિજયયાત્રા, આર્ય, સુર્વતાનું વાત્સલ્ય વગેરે અહી છે. એમાં ભિન્નતા જોવા મળે છે. આ ભિન્નતાઓની વચ્ચે લેખકે જે દર્શન રજૂ કર્યું છે તે માનવતાનું છે, નિર્વાણનું છે. અર્થાત્ મૃત્યુનું નહી પણ મુકિતનું છે. એકયુગ ખતમ થતો નથી બીજા યુદ્ધમાં પરિણમે છે. એ સત્ય આ નવલકથાનું હાર્દ બને છે. આદર્શ વિશ્વ રચવાનું લેખકનો પુરુષાર્થ અહી આ પાત્રોની સૃષ્ટિમાંથી જાગતિ સમાન શ્રદ્ધા પ્રતીત કરાવે છે.

ગાંધીજીએ **"સત્ય અને અહિંસાને પર્વતો જેટલા પુરાણા કહ્યા છે."**[૧૭] દર્શકનો સ્વધ્યાય કહે છે **"તેમ પ્રેમ અને કરુણા પણ એટલાં જ પ્રાચીન છે. સત્ય અને અહિંસાની છાયા માનવકુળ માટે વત્સલ નીવડી એ ઘટના પણ જુગજુગ જૂની છે."**[૧૮] દર્શકે 'ઝેર તો પીધાં છે જાણી જાણી ' નવલકથામાં આનું નિરૂપણ કર્યું છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડના

જેવી સ્વચ્છ છબિ ધરાવતાં ગોપાળબાપા ખીલારૂપ પાત્ર છે, ગોપાળબાપાને સદીઓ પુરાણા વારસા રૂપે ચપટી ધૂળ પ્રાપ્ત થઈ છે. એ ધૂળનું સાંસ્કૃતિક સંધાણ ૨૦મી સદીના વૈશ્વિકમનુષ્ય સુધી જોડવાનો દર્શક પ્રયત્ન કરે છે. વેરાન કોતરને નગણ્ય સંત જાતમહેનતે પલ્લવિત કરવા મથ્યાં છે અને એ અભ્યાસ પછી રાષ્ટ્રની સીમાઓ અને સીમાઓને પેલે પાર રહેલા યુરોપની સરહદો સુધી પહોંચે છે ત્યાંથી યહુદીઓને દેશ અને બર્માની હજારબુદ્ધની ગુફામાં સ્નાન કરીને શુદ્ધ થઈ કોરીયા સુધી પહોંચે છે. અહીયા સત્-અસત્ તત્ત્વોનું આલેખન છે. એના મૂળ રૂપોને લેખકે નિર્દેશયા છે પરંતુ છેવટે એ આવીને નિર્વેદે છે જીવનની કરુણતા ઉપર મુગધપ્રેમ અને એમાંય રહેલું માનવતાનું તત્ત્વ અહી પ્રગટયું છે રોહિણી-સત્યકામના પાત્રો એ જીવન અને મૃત્યુ બન્નેને વંદના કરી છે. જીવનના સત્યો અને રહસ્યોને પામવા માટે આ પાત્રોને વિવિધ પરિસ્થિતિમાં મૂકયાં છે. આ નવલકથાનાં પ્રથમ ભાગની વાડી ત્રીજા ભાગમાં યુદ્ધકાળના અરણ્ય સુધી વિસ્તરી છે. એમાં ભળ્યું છે બૌદ્ધદર્શન અને એમ સમાન-અસમાન તત્ત્વોમાંથી મૈત્રી, મુદિતા, કરુણાના ઉપેક્ષિત ભાવો વ્યકત કર્યા છે. ડોલરરાય માંકડ કહે છે તેમ **"આ ભાવો માનવ-વિકાસના-વ્યકિત તેમજ સમષ્ટિનાં – આ ચાર પગથિયાં છે. વ્યકિત સમષ્ટિનાં – આ ચાર પગથિયામાં પ્રેમનું તત્ત્વ કૃતિમાં સાધ્યન્ત વિકસ્યું વિલસ્યું છે."**[૧૯] વિશ્વયુદ્ધ દ્વારા ખાનાખરાબી, માનવની મૂલ્ય માટેની મથામણ અને તેનો ક્ષણેક્ષણનો સંઘર્ષ અને પર્યન્તે યુદ્ધ નહિ, પ્રેમ જ એક વિકલ્પ – એ જેટલી દર્શકની તેટલી જ ભારતીય દર્શનની વિશિષ્ટતા રહી છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ના ત્રીજા ભાગમાં લેવર્ટીનો આ પ્રશ્ન આ સંદર્ભે ધ્યાનાર્હ બની રહે છેઃ

"આપણે વાળીએ અને ધૂર્તો કચરો નાખ્યાં કરે તો?..... ભૂખ્યાં રોગગ્રસ્ત માણસોને ધર્મવાણીથી શો ખપ? શાંતિમતિ કહે છે : રોટલાના વાંકે બધાં રાક્ષસ નથી થતાં. ઘણીવાર રોટલાવાળા રાક્ષસ થાય છે... રોટલાવાળા જ આ મહાયુદ્ધમાં આક્રમકો છે.... જ્ઞાન વિનાનું કર્મ અંધ ... આત્મનિરીક્ષણ વિના તમે જગતનું પરીક્ષણ કરવા જશો, તો જેવું તમારું મન હશે તેવું દેખાશે. તમારે દૂરબીનનો કાચ તો સાફ કરવો પડશે.... માણસ યુદ્ધ માટે જન્મ્યો નથી, નહિતર તેને મગર જેવા દાંત કે વાઘ જેવા પંજા કુદરતે આપ્યા હોત."[૨૦]

'કુરુક્ષેત્ર'નું યુદ્ધ જયારે લડાયું ત્યારે આર્ય-અનાર્ય પ્રજા વચ્ચેનો સંઘર્ષ અને પ્રજાના સ્વમાન સાથે મદમાં અંધ બનેલી રાજસત્તાએ કેવા ચેડા કર્યા એનું નિરૂપણ છે. નાની નાની અનેક ઘટનાઓ જોતજોતામાં આંતરવિગ્રહ સર્જે છે અને કુરુક્ષેત્રનું યુદ્ધ ખેલાય છે. આ યુદ્ધમાં કુટુંબો, પ્રજાઓ અને સિદ્ધાંતો જે રીતે વિનષ્ટ થાય છે એવામાં કૃષ્ણ જેવા ધર્માતા નિષ્પક્ષ રહી શકતા નથી એ નિરપેક્ષ રહ્યું છે. આ નવલકથાની બીજી વિશિષ્ટતાએ છે કે દર્શકે અહીં પછાત આદિવાસીઓ અને દલિતોને માતૃભૂમિના રૂપાકાત્મક અર્થમાં રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટેની યોજના કરી છે. માનવતાના ધોરણે ધૈમ્ય મુનિ જેવા અનાર્યો જેવા અરણ્યમાં વસવાટ કરીને નાતજાતને કારણે મુકીને તેમને વિવિધ વિદ્યા શીખવે છે અને પરિસ્થિતિ વશ પોતાની બન્ને પુત્રીઓને અનાર્ય યુવકોને પરણાવે પણ છે. રાષ્ટ્રભાવના ની સાથે ભારતીય સંસ્કૃતિનું ઋત અહીં આ રીતે પ્રગટયું છે. આ બધાને સમાન્તરે પ્રેમતત્ત્વનું આલેખન કૃતિને નવો ઉઠાવ આપે છે. તપતી-તક્ષકનો પ્રેમ એ બે સંસ્કૃતિઓના પ્રેમજન્ય સહજીવનનો પ્રશ્ન છે એમ તેઓ અહીં પ્રતીત કરાવે છે. અહીં સાંસ્કૃતિક

પરિપ્રોક્ષ્ય તપતી-તક્ષકના પ્રેમ અને મહાયુદ્ધના અનુભવ દ્વારા ચરિતાર્થ થયો છે. સમગ્ર નવલકથામાં લેખકનો ઉદ્દેશ માનવતાની ઉપાસનાને કેન્દ્રમાં લાવવાનો હોય તેવું જણાય છે. દર્શક એમ પૌરાણિક કથાને વર્તમાન ભારતના સંદર્ભે મૂર્તતા આપે છે અને એનું નવું અર્થઘટન પ્રસ્તુત કરે છે.

દર્શકને 'સોક્રેટીસ'ના પાત્રોનું ઘણું આકર્ષણ રૂહ્યું છે. ગાંધીજીની માફક દર્શકને 'સોક્રેટીસ'માટે ખાસ પક્ષપાત રહ્યો જણાય છે. ખાસ તો કદાચ લોકોને અમૃત પાઇ પાતે ઝેર પીએ છે.એવા સત્યનિષ્ઠ વીર તરીકે તેઓ તેને જુએ છે.'સોક્રેટીસ' નવલકથાની પૃષ્ઠભૂમિમાં ગ્રીક સંસ્કૃતિ છે. એ સૃષ્ટિ એની ઈતિહાસ લક્ષિતા, એની કાળ લક્ષિતાને ખપમાં લીધા પછી પણ સોક્રેટીસ સત્યને પામવા જે સંઘર્ષ કરે છે પોતાના યુગની મર્યાદાઓને અતિક્રમી જવા મથે છે. એવો સોક્રેટીસ દર્શકની નજરે ભલે હાડે ગ્રીક હોય પણ એનામાં આત્મા ભારતીયનો વસ્યો છે. એવું તેઓ પ્રતિફલિત કરવા માંગે છે. એ સંદર્ભે 'સોક્રેટીસ'ને આપણે અહી સ્મરવી જોઈએ. ચી.ના. પટેલ 'સોક્રેટીસ'માં **"ભારતીય ઋષિની 'સત્યમેવ જયતે નાનૃતમ'ની શ્રદ્ધા કદાચ આ સંદર્ભે જ ચરિતાર્થ થતી જુએ છે."**[૨૧]

દર્શકની આ નવલકથાઓમાં વિધવિધતામાં એકતા Oneness – આદર્શવાદ – માનવતાવાદીમૂલ્યો અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષા કેવી રીતે રચાયો છે તે આપણે જોયું આ બધા જ ઘટકોના સમવાયથી બંધાતી આવતી ભારતીયતાનાં પરિમાણોનો અહી આ રીતે પરિચય થાય છે.

૫:૫: સમગ્રલક્ષી ચર્ચા: ભારતીયતાનાં પરિમાણો:

સમગ્ર રૂપે જોતા દર્શકે પોતાની નવલકથાઓમાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતાનાં પરિમાણો પ્રગટ કર્યા છે. ભારતીય દર્શનો, શાસ્ત્ર ગ્રંથો અને પ્રશિષ્ટ ગ્રંથોથી એમનો ચિત્તકોશ ઘડાયો હતો. દર્શકે જયારે સર્જનનો પ્રારંભ કર્યો ત્યારે, આપણા દેશના વ્યાપક ફલક ઉપર દષ્ટિપાત કરીએ તો એ સમયે ગાંધીજીની રાષ્ટ્રવાદી વિચારધારાનો પ્રભાવ હતો. સ્વતંત્રતા દ્વારા રાષ્ટ્રના નવોત્થાનની ઝંખના હતી અને "આજના ભારતની" સાચી ચિંતા હતી. વિશ્વયુદ્ધો અને યુદ્ધોત્તર જગતે જે સમસ્યાઓ ખડી કરી હતી તેનો પ્રભાવ એમના જેવા સર્જકોની ચેતના ઉપર પડયો હતો. હિંસા-અહિંસા, યુદ્ધ અને શાંતિના પ્રશ્નો, માનવ સંબંધો અને માનવ કર્તવ્યો, સ્વતંત્રતા અને બંધુતાના વિભાવો, માનવતાના પ્રકટીકરણની ઝંખના વગેરે પ્રશ્નોને તેઓ ભારતીય જીવનદર્શનના સંદર્ભે જુએ તપાસે છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં એમને નાયક-નાયિકાને એટલે સત્યકામ અને રોહિણીને યુનિવર્સિટી સિવાયના એટલે બહારથી દીક્ષિત કર્યા છે તેઓ ગોપાળબાપાની ખુલ્લી વાડી, ખુલ્લી વિદ્યાપીઠમાં ઘડાયા છે. ખુલ્લી રીતે ઉછર્યા છે. આમ, ભારતીય ચિત્રો સ્થાપીને ભારતીય વાતાવરણમાં આ નાયક-નાયિકાને સક્રિય કરે છે અને ઉછરવા દે છે. આમ, નવલકથાના ત્રણે ત્રણ ભાગોમાં ગાંધીજી સૂક્ષ્મરૂપે વ્યાપેલા દેખાય છે. પ્રેમકથા, યુદ્ધકથાને નિમિત્તે છેવટે તો એમને સહજ જીવન, સહજ ધર્મદર્શન, અને કરુણાધર્મનું સ્ફુરણ આલેખ્યું છે. દર્શકનો પ્રેમધર્મ પણ કરુણાધર્મ છે અને યુદ્ધધર્મ પણ બુદ્ધધર્મ છે. એમ દર્શકે સર્વધર્મસમવાય

ગાંધીવાદરૂપે પ્રગટ કર્યો છે. આમ, ગાંધીકથિત અસ્મિતા અને દર્શકનું આગવું ધર્મદર્શન એમની નવલકથાઓમાં આલેખાયેલું છે.

'બંધન અને મુક્તિ'માં તેમણે વિપ્લવનું જન્મસ્થાન બીજા પ્રત્યેની કરુણા અને સમવાયમાં જોયું છે. એમને મન વિપ્લવ એટલે અધર્મનું ઉત્થાપન અને ધર્મનું સંસ્થાપન. ફિરંગી હોય કે દેશી પણ જે અધર્મ છે એ વિપ્લવી છે. આમ, શેખરના પાત્ર દ્વારા વિપ્લવની આ વિભાવના દર્શાવી છે. વિપ્લવ વિશેની સમગ્ર વિચારણામાં છે સર્વોત્કૃષ્ટ માનવધર્મ. આ ભાવ એમની અન્ય નવલકથાઓમાં પણ ચરિતાર્થ થતો જણાય છે. આથી તેઓ કોઈપણ પાત્રને કોઈ એક ચોકકસ તંત્ર કે ચોકકસ ચોકઠામાં બાંધતા નથી.**"દર્શકનાં અનેક પાત્રો જીવન શા માટે, સ્નેહ શા માટે, સુખ શા માટે શાશ્વત નહીં, ધર્મ કે તત્ત્વજ્ઞાનનો અર્થ શો ઈશ્વર કોણ- જેવા કેટલાક બુનિયાદી પ્રશ્નો ઊઠાવે છે. એ પાત્રો શીલ અને સંસ્કારની એક એવી કક્ષાએ પહોંચેલાં છે કે એમને આવા અહીં પ્રશ્નોના ઉત્તર શોધવામાં સક્રિય થયા વિના જીવવું પણ ન ફાવે. આ પાત્રો પ્રકૃતિને પૂજે છે. તેનાં સંવાદ-સૌંદર્યને જાળવી માનવસૌંદર્યની સિદ્ધિ અર્થે તેઓ ઝૂઝે છે. એમને માટે સત્યને, સૌંદર્યને પૂજવું અને એના માટે અવિરામ ઝૂઝવું એમાં જીવનનું કાવ્ય ઉપરાંત જીવનનો ધર્મ પણ છે."**[૨૨] ઝેરતો પીધાં જાણી જાણીની માફક દર્શક આ પાત્રોને પ્રતીતિ કરાવે છે કે માણસ યુદ્ધો માટે જન્મ્યો નથી પ્રેમ માટે જન્મ્યો છે. આમ, એમની સંસ્કૃતિની ભૂમિકા દેખીતી રીતે ભારતીયતાનાં રંગે રંગાયેલી છે. મનુષ્ય પોતાની આસપાસના મનુષ્યો સાથે, આસપાસની પ્રકૃતિઓ સાથે, દેશકાળ સાથેની પોતાની સંવાદિતા જાળવી રાખવી એમાં જ સાચા જીવનનું સ્વાગત અને સન્માન છે. આ

ભાવને તેઓ તળપદ જીવનની બુનિયાદી સમજ અને શકિતની પોતાની કૃતિઓમાં આલેખે છે. રાજશેખર અને સુભગા, નીલકંઠ અને ભકિત આનંદ અને સુચરિતા, સત્યકામ અને રોહિણી, તપતી અને તક્ષક વગેરે પ્રણયીયુગ્મો પ્રકૃતિ અને સૌંદર્યના ચાહક છે. આનસ્વર સૌન્દર્યના ઉપાસકો એની પ્રીતિની વિકાસ પ્રકિયા એમના આગવા ઈતિહાસના અર્થઘટનો અને સંસ્કૃતિનું ઊંડુ પરિશીલન જોઈ શકાય છે. જીવનના વ્યાપક અને ગહન, સનાતન અને સત્ય, વૈવિધ્યપૂર્ણ અને લીલામય રૂપો આ પાત્રોના પ્રકૃતિગત અને સંસ્કૃતિગત એમ ઉભયસ્તરે પ્રગટ થતાં અનુભવાય છે. જીવનની સમ્યક્ સમજ માંથી આ પાત્રોને એમની આગવી સમજ અને શકિતનો બોધ થયો છે.

દર્શકની નવલકથાઓમાં આમ, ભારતીય સંસ્કાર, સંસ્કૃતિનાં નવાં અર્થઘટનો અને પરિમાણો આપણી સમક્ષ રજૂ થાય છે. એમના સર્જનમાં જીવનવિશેષ અને સર્જનવિશેષનું સમાંજસ્ય એમનાં સર્જનોને કંઈક વિશેષ બનાવે છે. પેલો સિત્તેર ટકા અંશ અહી કેવો ઝમતો રહી તેમને સીમિત વર્તુળમાંથી બહાર લાવી દેશ અને દેશની પારની સરહદો સુધી કેવી રીતે લઈ જાય છે એ આપણે જોયું. તેમની ચેતના વ્યકિત ગ્રામના પ્રશ્નોથી માંડીને જગતના મહત્ પ્રશ્નો સુધીનું અનુસંધાન છે. એક ભારતીય લેખક રહીને તેઓ વિશ્વનાગરીકનું ઉત્તરદાયિત્વ જાણે કે નિભાવતા જણાય છે. આથી જ પ્રવીણ દરજીએ દર્શકને **"ગુજરાતી ભાષામાં લખનારા ભારતીય લેખક તરીકે નવાજયા છે."**[૨૩]

'બંધન અને મુકિત', 'પ્રેમ અને પૂજા', 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી' વગેરેની આંતર સમૃદ્ધિ ભારતીય બુનિયાદમાંથી જ

પ્રગટી છે. ટાગોરના 'ગોરા' માં બન્યું છે તેમ, દર્શકમાં ભારતીયતાનું વધુ વ્યાપક અને તેજસ્વી રૂપ પ્રગટયું છે. એમનો વિશેષ એ છે કે એમની નવલકથાઓમાં વિચારતત્ત્વ એમ એમની સંવેદના વળીવળીને ભારતીયતાનાં કાંઠામાં વિરામે છે, તેની ધારાને પુષ્ટ કરે છે અને વધારે ઊર્જસ્વી બનાવે છે. આગળ વધીને એમ પણ કહી શકાય કે આ 'ભારતીયતા' કદી સત્યના ભોગે પ્રગટ થઈ નથી.

સંદર્ભસૂચિઃ

૧. દરજી, પ્રવીણ,' અનુઘટન', રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૫.

૨. શર્મા, રાધેશ્યામ, 'નવલકથા-નિર્દેશ', પાર્શ્વ પબ્લિકેશ, અમદાવાદ , પ્રથમ આવૃત્તિ-૨૦૧૦, પૃ-૨૩.

૩. પંચોળી, મનુભાઈ 'દર્શક', ' બંધન અને મુકિત', સર્વોદય સહકારી પ્રકાશન સંઘ, ભાવનગર, પ્રથમ આવૃત્તિ-૧૯૩૯, પૃ-૧૩૬.

૪. એજન, પૃ-૪૮.

૫. ચૌધરી, રઘુવીર,' દર્શકના દેશમાં', રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-૧૯૯૯, પૃ-૯૨.

૬. પલાણ, નરોત્તમ,' વ્યષ્ટિ-સમષ્ટિ '(જીવનરેખા-કવનરેખા), ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ-૨૦૦૯, પૃ-૧૮૪.

૭. ચૌધરી રઘુવીર, 'ઝેર તો પીધાં છે જાણી જાણી', દવે, રમેશ ર. સંપા., 'દર્શક અધ્યયનગ્રંથ', રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, વર્ધિત આવૃત્તિ-૧૯૯૯, પૃ-૫૭.

૮. પંચોળી,મનુભાઇ'દર્શક''ઝેર તો પીધાં છે જાણી જાણી-ભાગ-૩', આર.આર.શેઠની કંપની,અમદાવાદ,દ્વિતિય આવૃત્તિ-૧૯૯૫, પૃ-૫૨

૯. પંચોળી, મનુભાઈ 'દર્શક',' કુરુક્ષેત્ર', અક્ષરભારતી પ્રકાશન, ભૂજ, પાંચમી આવૃત્તિ-૨૦૦૧, પૃ-૨૩.

૧૦. એજન, પૃ-૨૪.

૧૧. ચૌધરી, રઘુવીર, 'દર્શકના દેશમાં', રંગદ્વાર પ્રકાશન,

અમદાવાદ, બીજી આવૃત્તિ-૧૯૯૯, પૃ-૮૦.

૧૨.જાની,કનુભાઈ,અધ્વર્યુ, વિનોદ, 'માયાલોક', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૧૧, પૃ-૧૮૩ , ૧૮૪.

૧૩. એજન, પૃ-૧૮૬.

૧૪. દવે, રમેશ,' ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથઃ૬', ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬, પૃ-૫૮.

૧૫. દરજી, પ્રવીણ, 'અનુઘટન', રન્નાદે પ્રકાશન, અમદાવાદ,

પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૯.

૧૬.ચૌધરી, રઘુવીર, 'દર્શકના દેશમા', રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૯૯, પૃ-૮૦

૧૭. એજન, પૃ-૧૦૧

૧૮. એજન, પૃ-૧૦૧

૧૯. દવે, રમેશ ર., દર્શક અધ્યયનગ્રંથ, રંગદ્વાર પ્રકાશન

અમદાવાદ, વર્ધિત આવૃત્તિ-૧૯૯૫,પૃ.૮૩

૨૦. પંચોળી, મનુભાઇ 'દર્શક', 'ઝેર તો પીધાં છે જાણી જાણી-

ભાગ-૩', આર. આર. શેઠની કંપની, અમદાવાદ, દ્વિતિય

આવૃત્તિ-૧૯૯૫,પૃ-૫૯૨,૫૯૪

૨૧. પટેલ, ચી.ના., 'સોક્રેટીસની ભાવનાસૃષ્ટિ', સંસ્કૃતિ (૩૦), ૧૯૭૬, પૃ-૩૧૬-૩૨૨.

૨૨. શેઠ, ચંદ્રકાન્ત, 'શીલસુવાસિત સૌંદર્યના મરમી નવલકથાકાર'. રમેશ ર. દવે સંપા. 'દર્શક અધ્યયનગ્રંથ' વર્ધિત આવૃત્તિ-૧૯૯૯,પૃ-૧૮૨.

૨૩. દરજી, પ્રવીણ,' અનુઘટન', રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૫.